पुनादराना राज्यनो इतिहास:

બનાવનાર

મરહુમ

સ્વર્ગવાશી પતી સરજરામ જીવતરામ

સ્કૂલ માસ્તર પુનાદરા

છપાવી પ્રકટ કરનાર,

ગગાભાઈ પ્રાણશંકર કન્યાશાળાનાં

હેડમિસ્ટ્રેસ મુ માણસા મહીકાંઠા

આવૃતી પહેલી

अमदावाद

"વિજય પ્રવર્તક" પ્રેસ.

ત ૧૯૪૮ સને ૧૮૯૨.

મત છ આના.

पुनांदराना राज्यनो इतिहास.

બનાવનાર

મરહુમ

સ્વર્ગવાશી પતી સૂરજરામ જીવતરામ

સ્કુલ માસ્તર પુનાદરા

છપાવી પ્રકટ કરનાર,

ગંગાબાઈ પ્રાણશંકર કન્યાશાળાનાં

હેડમિસ્ટ્રેસ મુ માણસા મહીકાંઠા

આવૃતી પહેલી

अमदावाद

"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

સવત ૧૯૪૮ સને ૧૮૯૨.

કીમત્ત છ આના.

દોહુરો

અભેસિગ જ્યા હોય ત્યા, મોર પક્ષી તૂ આજ,
પવન વેગથી પ્હોચજે, સિદ્ધ કરજે મુજ કાજ ॥૧॥
ખબર પાછી ઝટ લાવિ તુ, ચિતા મુજ ગટાડ;
મધુર વાણીના મોર હું, માનિશ તારો પાડ. ॥૨॥



अर्पण पत्रीका.

અખંડ પ્રૌઢ પ્રતાપી નામદાર ઠાકોર સાહેબ

મોઆંશ્રી અભેસીંગજી અમરસીંગજી.

મુ પુનાદરા તાબે મહીકાંઠા

આપ સાહેબ પુનાદરાનો રાજ્ય કારભાર ઉત્તમ રીતે ચલાવો છો, વિધાને અને ગ્રંથકારોને ઔદાર્યતાથી આશ્રય આપોછો, કેળવણીની વૃદ્ધી કરવામા આપની સુજ્ઞતાથી અંતઃકરણ પૂર્વક અભિરૂચી છે આપે બાળ્યાવસ્થામા સારી કેળવણી સંપાદન કરી ન્યાય, નિતી, ધર્મ અને દયાથી રાજ ચલાવો છો ખરે રસ્તે સખાવત કરવામા આપ હોશીલા છો, વળી ઈતીહાસીક હકીકત જાણવામા વધારે ઉમંગીને ખંતી છો આપના પૂર્વ પૂર્વજોએ મહા અદ્ભૂત પરાક્રમો કરી જગતમા સુકીર્તી ગજાવી મુકીછે જે જાણવા આપ ઉત્સુક છો, સ્ત્રીજાતીના ભલા તરફ હમેશા સારી મદદ આપી ગૂજરાતી ભાષાની ઉન્નતી કરવા અથાગ ઉમેદ દાખવો છો તેથી આ આપના રાજ્યનો ઈતીહાસીક ગ્રંથ આપ નામદારને અર્પણ કરૂંછું તે સ્વીકારશો

શ્રાવણ માસ જન્માષ્ટમી

ગંગાબાઈ પ્રાણશંકર.
કન્યાશાળાના હેડમિસ્ટ્રેસ
મુ માણસા

પ્રસ્તાવના.

ઈતિહાસોમા આર્ય વર્ણનો ઈતિહાસ ઘણીરીતે મોટાઇ ધરાવે છે આર્યપુત્રોની યુદ્ધકળા, શુર, સપ, સ્વદેશાભિમાન, સમયસુચક્તા, યુક્તી પ્રયુક્તીઅને તરેહવાર તદબીરો તથા સ્વદેશાભિમાન કેટલીક બાબતોમા શ્રેષ્ટતા ધરાવેછે હિંદના ઘણા ભાગમા ઘણી જાતના લડવૈઆ, દેશ હિતેચ્છુ અને સ્વદેશાભિમાની પુરૂષો થઈ પોતાની કીર્તી હિંદના ઘણા ખરા ભાગમા અચળ સર્વોપરી થઇ ગયા છે એવા મનુષ્યોનો ચિતાર આ નાનકડા નવીન પુસ્તકમા દાખલ થયેલો છે તે વાચવા સર્વને ખવાએશ થાય એ સ્વભાવીક છે સબબ રાજ્યપુત્રોના સાહસીક અતુલ્ય પરાક્રમના અનુપમ દાખલા સામી દ્રષ્ટી કરતા સ્પષ્ટપણે સાબીત થાયછે કે તેઓ સ્વદેશભક્તિ, સ્વદેશાભિમાન, સ્વામીભક્તીમા અદ્ભુત પણાથી ધન્યવાદ પણ દર્શાવી પોતાના નામ અનંત કાળ સુધી અમર કરવાને કશી કચાશ રાખી હોય તેમ સંભવતુ નથી યુદ્ધ કરવામા કે શત્રુઓથી પોતાના દેશનુ રક્ષણ કરવામાજ માત્ર તેઓ કુશળ હતા એટલુજ નહી પણ હુન્નરકળા, વેપાર રોજગાર, અને દેશની બીજા પ્રકારની આબાદીનું રક્ષણ કરવામા સર્વોપરી હતા

આ પુસ્તક મે બનાવ્યુ નથી પણ મરહુમ સ્વર્ગવાશી પતી × × × × × પ્રથમ પુનાદરા ગામના સ્કૂલ માસ્તર હતા તેમુની અથાગ કોશીશના પરીબળ વડે ભાટચારણો અને શોધકો તથા વહીવચાની શહાર્યતાથી આ ગ્રંથ પુનાદરા મુકામે લખી તૈયાર

કરેલો પરંતુ છપાવવાના વિચારમા હતા તે અરસામા એટલે ફક્ત એકવીસ વર્ષની ઉમરમા ઈશ્વર અવકૃપાએ તેમનુ આ ક્ષણભંગુર દુનીઆમાથી જવું થયેલું સબબ "સારા મનુષ્યનો જેમ અહી ખપ વધારે હોય છે તેમ પરદુનીઆમા પણ વધારે હોય છે." તેમના ગત થવાથી સંદરહુ ગ્રંથ છપાવવો લગભગ નવ વર્ષ પડી રહેલો તે તેમના સ્મરણાર્થે છપાવી જનવર્ગમા પ્રસીદ્ધ કરૂ છુ

આ ગ્રંથમા પૂર્ણ સહાયતા પુનાદરાના ઠાકોર સાહેબ અભેસીગજીની છે તેથી તેમનો ઉપકાર આ સ્થળે માનવો વ્યાજબી અને ઉચિત્ય છે

શ્રાવણ જન્માષ્ટમી
મુ માણસા—તા—મહીકાઠા

ગંગાબાઈ પ્રાણશંકર
કન્યાશાળાનાં હેડમિસ્ટ્રેસ

पुनादराना राज्यनो इतीहास

પુનાદરાની ગાદીએ હાલના રાજ્યકર્તાના મૂળ પૂર્વજો મકવાણા રજપૂત વેગડાજી નામે ઠાકોર કાઠીઆવાડમા આવેલા *હળવદ ગામમા રાજ્ય કરતા હતા વેગડાજીનુ મરણ થવા બાદ તેમનો પાટવીકુંમાર કેસરીસીગ ધણીધોરી થયો બાપના કારભારી કાયમ રાખ્યા. રૈયત ઉપર જરા પણ જુલ્માતપણુ વાપર્યું નહી રાજ્યમા જ્યા દ્રષ્ટી કરીએ ત્યા સલાહ શાન્તી અને રહેમ નજર અમી દ્રષ્ટીપણાથી દાખવી હતી, ૬૬ વર્ષની ઉમરે ફક્ત ત્રણ દિવસ તબીઅતમા ફેરફાર થયો, તાવ દીનપરદીન વધતો ચાલ્યો. રાતના અગીઆર વાગતાની વખતે ભલા કેસરીસીગે આ ભર્ત્તભૂમી તજી સ્વર્ગભૂમીમા વાસ કર્યો. મરતા મરતા પોતાના ત્રણ પુત્રોને પાસે બોલાવી કહ્યુ કે અરે! મારા લાડકવાયા કુવરો મારી ગાદી શાન્ત સ્વભાવથી સાચવી પ્રજાનુ રક્ષણ રૂડીરીતે કરજો અને દુશ્મનોના દળને દળી નાખવા લડાઇમા મરણીઆ થઈ પડજો જેથી તમારો વાસ સ્વર્ગમા સત્વર થશે—આટલુ બોલતાની સાથે તેણે પોતાનો દેહ તજી દીધો

આખા ગામમાં ઠાકોરના મરણ સમાચારની ખબર વીજળીના વેગે પ્રસરી ગઇ. સર્વના હૈડા ફીકરમય, મૂખારવીંદ ઉદાસ, ચહેરાનિસ્તેજ અને આખોમાથી દશોદીશ અશ્રુવૃષ્ટીની ધારાઓ ચાલી રહેલી પ્રદર્શીત થતી હતી. સર્વે અમીર ઉમરાવ અને આખી પ્રજા

---

* હળવદ ઝાલાવાડમા આવેલા ધ્રાગધ્રા સંસ્થાનના તાબાનુ ગામ હાલ છે

ગમગીનીમા ગીરફતાર થઇ. અશ્રુવૃષ્ટીની શોક ભરેલા બિંદુ સ-ઘળી રાણીઓ ટપકાવા લાગી એકાએક બેભાન બે બાકળી બની ગઈ દાશીઓએ શીતળપવન અને બહુ વાર સાગવાર કરી સાવધ કરવા છતા સબની સાથે સમસાન ભૂમીમા જઈ સતી થઇ હતી

તેમની પછી ગાદીએ બેસનાર ભાટવી કુમાર રણમોલજી પિતાના જેવો બહાદુર, ચતુર, ધૈર્યવંત, ચપળ ચાલાકીવાળો અને શત્રુઓનો સંહાર કરવામા સમયસુચક હતો એકવાર આજુ બા-જુના ગામોના કેટલાક મુસલમાન ઉમરાવોએ સંપ કરી જબરૂ સન્ય જમાવી રણમોલજીના રાજ્ય ઉપર અચાનક આવી ચઢેલા તે વખતે હળવદની ભાગોળમા દારૂણ યુદ્ધ થયુ હતુ.—રણમોલ-જીના શૂરા સૈન્યે શત્રુઓનો ભારે સંહાર કરી માર મારી હઠાવી નસાડી મુકયા હતા

બીજી વખત તેજ ઉમરાવોએ લડવાને રણમોલજી ઠાકોરને કહેણ મોકલ્યુ રણમોલજીએ લઢવાની સર્વ સામગ્રી તૈયાર કર્યા બાદ ગામની પાસે થોડેક દૂર એક લઢવાની ખીણમા કેટલુક હથિઆર સહીત લશ્કર છુપાવી રાખ્યુ, અને કેટલુક બીજી ન-જીકની ઝાડીમા છુપાવી રાખ્યું અને ઠરાવ કરી મુકયો કે મુસલમાનો ખીણ સુધી આપણા લશ્કરની નજીક આવે કે તેમણે બને બા-જુથી અમુક નિશાની કરી એકદમ સાગે ધસારો કરવો. અને ખી-ણમા રાખેલા લશ્કરને હુકમ કર્યો કે દુશ્મનો પીઠ બતાવે કે તુર્તજ તેમની પાછળ પડી તેમનો ઘાણ કાઢવો. એક હોશીઆર પટાવતને દુશ્મનો કયાછે ? અને કેટલે દૂર છે તથા લશ્કરનો દાડ કેટલો છે ? તેનો તપાસ જલદીથી કરી પાછો ફરવા મોકલ્યો

રણમોલજી પડે મેદાનમા લશ્કરનો મુખ્ય ભાગ મહા ઠાઠ-

મોઠ અને ભભકાબધ રાખી પડાવ નાખી રહ્યો સઘળા લશ્કરને ભેરીનો નાદ સાભળતાજ તૈયાર થઇ જવાનો હુકમ હોવાથી તેમણે પોત પોતાના ઘોડા તગબંધ તૈયાર રાખેલા હતા

. રણુમોલજી પોતાના માણસો લઇ ઘોડો ઠેકાવતો આગળ ચાલ્યો એટલામા થોડે દૂર આકાશમા ધૂળ ઉડતી દ્રષ્ટીએ પડી તે ઉપરથી રણુમોલજીએ કલ્પના કરી કે દુશ્મનોનુ લશ્કર ખચીત આવેછે. પોતાના લશ્કરને સાવધ થવાનો હૂકમ થતા સર્વે સેના લઢવાને તૈયાર થઇ રહી, અને દુશ્મનોનુ દળ મારપછાડ કરી હરાવી મેલવાને જેમ ઉદર ઉપર બિલાડી ટાપી રહે તેમ ટાપી રહ્યુ.

હવે રણુમોલજી વિચાર કરેછે કે દુશ્મનોને હરાવી ફતેહ મેળવુ તો ઠીક થાય આ વિચાર યથાર્થ ખરો પડે એવી મજબૂત સાબીતિઓ તેની પાસે હતી કારણ તેના લશ્કર કરતા શત્રુનુ લશ્કર મહા સાગરમાં બિંદુ માત્ર હતું દુશ્મનોનુ લશ્કર હિંદુ ઠાકોર ઉપર વેર લેવાને ઉશ્કેરી ઉલટભેર આનંદની નિશામા ગરકાવ થઈ આવ્યુ હતુ રણુમોલજી એક ઊચી ટેકરી ઉપર ચઢી દીર્ધ દ્રષ્ટીયો દુશ્મનના લશ્કર સામી નજર કરી તો લશ્કરનો લાખો કોટ ધસારાબંધ આવતો જણાયો તેથી તાબડતોબ નિચે ઉતરી પોતાના માણસોને ખૂબ હીંમત આપી બોલ્યો.

" અરે શૂરા સરદારો અને વ્હાલા લડવૈયાઓ આ વખતે અતુલ્ય પરાક્રમ દર્શાવી સ.માના સૈન્યને સપાટાબધ હઠાવવુ તમારા હાથમા છે. તમો ખરા જીગરથી લડત ચલાવવામા પાછા નહીં હઠશો. એવી તમારી લાંબા વખતની બજાવેલી પૂર્ણ નમકહારી ભરેલી નોકરી સતોષ કારક પુરાવો છે. તમારૂ કદાચ મરણ

થશે તથાપી તમારા સતાન અને સ્ત્રીઓને હુ સારી રીતે રક્ષણ કરી તેમને સુખી કરીશ ”

આ પ્રમાણે હીમત અને ધીરજના ઉદ્દગારથી પોતાના મનોભાવ બતાવ્યા બાદ ભેરીનો નાદ કર્યો કે સઘળા સીપાઇઓ સ્વાર થઇ હથીઆર બધ સજ થઈ ઉભા રણમોલજી પડે યુદ્ધ રચના કરી જબરા અને બળવાન મરણીઆ લડવૈઆઓને ગોઠવી હાથીઓનો કોટ એવી રીતે બનાવ્યો કે શતૃઓ એકદમ ધસારો કરી શકે નહી અને દુશ્મન ઉપર એકદમ ધસારો લઈ જવો હોય તો શહેલથી જગ્યા આપી શકે બધુ લશ્કર ખીણથી એટલુ નજદીક રાખ્યુ કે શતૃ ઠેઠ પાસે સુધી આવી શકે અને ઝાડોમાના માણસો એકદમ બે પડખેથી કે પાછળથી ધસારો લાવી શકે, આ પ્રમાણે ગોઠવણ કરતામા શતૃનુ લશ્કરી જમાવ એકદમ આવી પહોચ્યુ રણમોલજીની અદ્દભૂત યુદ્ધ રચના શતૃના આગેવાને નિહાળી એકદમ પોતાના લશ્કરની પણ તાબડતોબ તે પ્રમાણે લડાઇની ગોઠવણ કરી દીધી. યુદ્ધરચનામા શતૃઓ કાઇ રજપૂતોથી ઊતરે દેવા નહોતા રાણી જાણે દુશ્મનના લશ્કરને કાપી કચરઘાણ કરી નાખવાને આતુરતાથી રાણાજીના હૂકમની રાહ જોતા સ્તબધ થઇ આશાભેર ઊભા હતા

રણમોલજીએ વિચાર્યું કે દુશ્મના હાથીના લશ્કર સામા આપણાથી હાથી ઉપર બેસી લઢી શકાશે નહી દુશ્મનના સામા થવામા જાતીબળ અજમાવ્યા શીવાય ફાવી શકીશુ નહી અને જાતીબળ હાથી કરતા ઘોડા ઉપર ઠીક ફાવશે. એમ વિચારી રાણાજી ઘોડે સ્વાર થયા લાગ ધારી એકદમ દુશ્મનના લશ્કર ઉપર તૂટી પડવા હૂકમ કર્યો. રજપૂતો ખુલી સમશેરે હરહર મહા-

દેવ કરતા જોસબંધ ધસ્યા. શત્રુ પણ પોતાના દેવને યાદ કરતા આગળ ધસ્યા. રંજપૂતો મરવુ કે મારવુ એવા ઇરાદાથી એવા-તો દ્રઢતાથી ધસ્યા કે શત્રુનું આગળનુ લશ્કર એકે સપાટે કપાઇ ગયુ તેમ છતા દુશ્મનો એવા ઉત્સાહપણાથી લઢયા કે તેમની આગળની ઓળ કપાઇ ગયા છતા લગારે નહીં ગભરાતા અને નહી ડગતા તેઓ પણ જાણે બીજા રજપૂતોજ ન હોય એમ મુએલા મડદા ઉપર થઇને આગળ આવ્યા

ભાટ ચારણો જુસ્સાના અભય ઉદ્‌ગારોનો વરસાદ વરસાવી પાણી ચડાવતા હતા તેમના પડના પરાક્રમથી લશ્કરના માણસો અચળ કિલ્લાની માફક ઉભા રહી લઢતા હતા પ્રથમનો હુમલો નિષ્ફળ જવાછતા ક્ષત્રીઓ વધારે જોસપર ચઢયા રણમોલજીના રૂવા ભાલાની માફક ઉભા થયા તેમણે બુમ મારીને કહ્યુ કે "મ્હારા શૂરા સરદારો ચાલો હુ તમારી આગળ થાઉ-છુ એ દુશ્મનોના ભાર શા છે? પ્રયત્ને પ્રભુ શહાય કીવા પુન પ્રયત્ને કાર્યસિદ્ધ" એ કહેવત વિસારી ન મુકો આમ કહેતાની સાથે દુશ્મનો ઉપર સઘળા પટાવતો કુદી પડયા અને તેમણે વીજળીના ચમકારાની માફક ચળકતી તરવારો અને ભાલા એ-વાતો જુસ્સાથી ચલાવ્યા કે દુશ્મનોમાથી ઘણાને ધુળ ફાકતા નિચે પાડી ભોય ઉપર લાબીગાઢ નિદ્રામા સુવાડી દીધા કેટલા-કનાં ધડ અને શીશ જુદા પાડયા, મડદાના ઢગલે ઢગલા થઇ પડયા, રક્તની નેકો ચાલવા લાગી, દુશ્મનોએ રણમલજીને મા-રવા ઘણાં વળખાં માર્યા પણ તે બધા નિર્થક ગયા ઘણા ઘી ઠાકોર ઉપર થયેલા પણ તેમની ચપળ ચાતુર્યતાએ કરીને લેશ માત્ર અંગને ઈજા નહી થતા સહી સલામત બચી શકયો. આ

પ્રસંગે લોહીની નદીઓ વહે છે મૂડદાના ઢગલા પડયા છે, એક બીજાને મારવામા આંધળા થઈ મંડેલા છે. ખરો તવારીખમા નોંધવા જોગ બનાવ સૌરાષ્ટ ભૂમીમા બન્યો છે. એ વખતે શત્રુનું લસ્કર દબાવા લાગ્યું તેમનામાં માર્યા માર્યા આ શબ્દો સંભળાવા લાગ્યા. ચોમાસામાં લીલું ઘાસ કાપે તેમ બંને બાજુથી દુસ્મનોને કાપતા હતા. ચારે બાજુથી દુસ્મનો ઘેરાઇ કરોળિઆની જાળમા જેમ માખી, મગત્રા ગુંથાઇ રીબાયછે તેમ રીબાવા લાગ્યો હવે કાંઈ ઉપાય તેમનો રહ્યો નહીં, તેમનામા હાહાકાર વીંતાઈ રહયો ઘણાને કેદ પકડી દુસ્મનો ઉપર સંપૂર્ણ જય મેળવી, રજપૂતો પાછા ફર્યા વિજ્યી ધામ ધુમથી તેમણે સઘળુ સેન્ય ગામમા દાખલ કરયુ નગરની સ્ત્રીઓએ શૂરા સૈન્યને પુષ્પથો વધાવી લીધુ. રણમોલજી ઠાકોરની અંબાડી પણ ફુલથી છવાઈ આચ્છાદન બની રહી. આકાશમાથી ફુલનો વરસાદ વરસ્યો અને ફુલથી આખો માર્ગ ભરાઈગયો એ રીતે ઠાકોર વિજ્ય કરી ઉત્સાહભેર દરબારમા પધાર્યા આ બનાવ સંવત્ ૧૨૩૭ની સાલમાં બન્યો

તેમની પછી સતલસલજી થયા તેમના વખતમા કઇ જાણવા જોગ બોના બની નથી તેમની પછી રાણાજી પછી ભોજાજી પછી વીસાળજી પછી અરજનજી પછી લાખાજી પછી હરીશીગ પછી વજાજી પછી સોમરાજ પછીધીરરાજજી આ દશ ઠાકોર ફક્ત નામનાજ હતા એટલે તેમનાં મગજમા રાજસભાના કર્તવ્યો બજાવવા જેવી કશીપણ તાકાદ નહીં હોવાથી એક પછી એક અનુક્રમે સલાહ સંપથી ગાદીએ બીરાજી જીંદગી પૂરી કીધી

ધીરરાજને બે કુમાર હતા તેમાનો પાટવી કુવર હરીસીગ સંવત ૧૫૨૭ મા ગાદીએ બેઠો. બીજો કુમાર અખેરાજ હતો

ને ફટાયા તરીકે રહયો. એક વખતે બને ભાઇઓ સઘ કાઢી શામળાજી તરફ જવા નીકળ્યા સાથે ઘણુ મનુષ્ય, અપરમ ઘોડા: અને બેહદ હાથી, ઉંટ વિગેરે લીધા છે રસ્તો કાપતા કાપતા માર્ગમા સૂર્ય રાજાને અસ્ત થવાની તૈયારી હતી ફકત અડધાકલાકલાથી વિશેષ વખત સાંજ પડવાને હતો નહી આથી બને ભાઇઓએ વિચાર્યુ કે હવે રાત પડવા બાદ આગળ આ પણાથી જઇ શકાશે નહી સબબ—અજાણ્યો રસ્તો તેમા વળી અરણ્યમા હજારો ઘાતકી પ્રાણીની ભયભરીત ઝાડી વટાવવી મહા મુસીબત ભરેલી છે માટે અહીથી નજદીકના શીહોરા ગામમા મુકામ કરી રાત વાસો રહી પ્રાત કાળ થતાની સાથે આપણે આપણા રસ્તે સત્વર વીચરીશુ શોહોરા ગામની વિશાળ ભાગોળે સુંદર દેખાવના ડેરા તાણી સર્વ પડાવ શહીત મુકામ કર્યોછે આ વખતે સંધ્યાકાળ વીતી રાત્રી થવાને પોણા કલાકની વાર હતી. તેથી બંને ભાઇઓ શીકાર અર્થે દૂર ગયા ઘણા ઘાતકી પ્રાણીઓનો સંહાર કરતાં ઘણે દૂર નીકળી અટવીમા આવી પડયા માર્ગ સુઝે નહી અઘોર અરણ્યમા આડા અવળા બહુ ફાફા મારતા શીહોરા ગામમા આવ્યા તૃષા અતીશય લાગવાથી એક મહોલ્લામા પાણી પીવા અર્થે ગયા એક ઉજળી વસ્તી જેવો મહોલ્લો જોવામા આવ્યો આ ઉપરથી બંને ભાઇઓએ કલ્પના કરી કે આ ઘર રજપૂત જ્ઞાતીના છે પણ બંને રાણીજાયાનો આ વિચાર બહુજ ભૂલ ભરેલો હતો સબબ આ મહોલ્લો રજપૂતનો નહી હતો પણ ઘારાળા ખાટનો મહોલ્લો હતો પ્રથમ તપાસ નહી કરતા એક ખાટને ઘેર જઇ પીવા પાણી માગ્યુ તે ઘરમા એક ધનબાઇ કરીને ખાટની દીકરી હતી તેણે તુર્તજ પાણી કાંઇ મુ-

સાફર માગેછે આવો ચિત્તાર દ્રષ્ટીએ થતા વાત એકદમ પાણી લાવી આગળ ધર્યું. હરીસીગે પાણી પૂર્ણ રીતે પીધુ. પછી બીજા બાઇને પાણી પાવા ધનબાઇએ લોટો આગળ ધર્યો. ત્યારે અખેરાજે અગમ્ય બુદ્ધી વિચારી પ્રશ્ન કર્યો કે આ ઘર કોના છે વારૂ? અને તમે કઇ જ્ઞાતીના રજપૂત છો ? ત્યારે ધનબાઇએ પ્રતી ઉત્તર સાચે સાચો વાળ્યો કે હમે રજપૂત નથી પણ ખાટ ઠાકોર છીએ. આવા દિલગીરી વાળા જવાબથી અખેરાજે પાણી પીધુ નહી હરીસીગને બહુજ પસ્તાવો થયો ઘણોજ નારાજ થયો. બહુ બળાપો થવાથી તેની આખોમાથી શોકાતૂની લેહરો ચાલી ગાલને ભીજાવી નાખ્યા અને કરમને માથે દોષ મૂકી બોલ્યો " હે અભાગ્યા જીવ"! તારી પાછળમન તને ખચીત ખાસડા ખવરાવે તેવો છે સબબ ધિક્કાર છે તને કે અગમ્ય બુદ્ધીનો અકુર તારા હ્રદયમા કેમ ખીલી ન નીકળ્યો ફટ ફટ ભૂડા ! હે ઇશ્વર તું દયાળુ છતા અમારો ઉપર આટલો બધો કઠીણ કેમ થયો છે? અમારી દુર્દશા, અરે હવે અમારી સ્થિતિ પડતી, નબળી ધિક્કાર પાત્ર અને પ્રતિષ્ટાને ધોકો પહોચાડનારી થશે " પાણી પીને ઘર શુ પૂછવુ ! " આ અમુલ્ય જગતપ્રસિદ્ધ સિદ્ધાત તે વખતે મારા હ્રદયમા કેમ યાદ ન આવ્યો ?

આમ બહુ વાર પશ્ચાતાપ કરી અથાગ દીલગીરી અને ગમગીનીમા ગીરફતાર થઈ શોક સિધુમા ડૂબી ગયા જેથો બની અખેરાજને તે બને પોતાના મુકામે ગયા.

ત્યા હરીસીગે ભોજન જમતા વખતે કહ્યું કે અમને અળગા બેસાડી ઉચેથી પીરસો. સબબ હવે અમે તમારા ભેગા અથવા જોડે બેસીને ખાવા કીચીત પણ લાયક નથી. હવે હું તમારી સાથે

નહીં આવુ. -હૃદયભેદક શોકજનક કરૂણામય હરીસીગનુ બોલવુ સાભળી અખેરાજ પણ બહુજ વિચારમા પડી મુઝાવા લાગ્યો અને ઉદાસ થઈ ગદગદીત કંઠે બોલ્યો. પ્રીયભાઇ મનુષ્યની સ્થિતિ વીપરીત થવાની હોય ત્યારે તેને અગમ બુદ્ધી સુઝતી નથી માટે હવે આવા -હૃદયભેદક બનાવથી હુ તદન નિરૂપાય છુ આમ કેટલીવાર વાત કરી રજા માગી અખેરાજ પોતાને વતન હળવદ જાત્રા કર્યા વગર પાછો ગયો.

હરીસીગને પેલા શીહોરાવાળા ખાટે પોતાની એકની એક લાડકી દીકરી ધનબાઇને પરણાવી -હૃદયના મરજીમુજબના વિચાર પૂર્ણ કીધા. ધનબાઇની ઉમર પરણાવવાને લાયક થઈ હતી પણ તેને લાયક વરનો પત્તો લાગતો નહી તથાપી આ હરીસીગ અચાનક ઇશ્વર સદ્ કૃપાએ આવો મળવાથી બધાના વિચાર હરીસીગ સાથેજ ધનબાઇને પરણાવવાના થયા. બધાના મનનુ વળણ હરીસીગ ઉપર દોડયું અને અતે તે સર્વ ખાટ ઠાકોરોની માગણી હરીસીગે અગીકાર કરી તેમના વિચારને ખરા જીગરથી માન આપી ધનબાઇની સાથે શાસ્ત્રવિધીના નિયમ પ્રમાણે લગ્ન લીધુ

અપરીમ આનદના ઉત્સાહમા બને સુસપી સદ્ગુણી જોડુ શીહોરાગામમા એક તેમને લાયક મકાન ભાડે રાખી તેમાં દીન રાત વિસર્જન કરતા હતાં.

આ વખતે પાદશાહી રાજ્ય ખરેખરૂ ઉદયસ્થિતિમાં હતું મહમદ બેગડો પાદશાહ વાત્રક નદી તથા માજુમ નદી જે ઠેકાણે સંગમ થાય છે તેજ જગોએ પૂરો મેહવાસ હતો ત્યા છાવણી કરી લશ્કરનો પડાવ પૂરા દબદબાથી નાખી રહ્યો હતો. ત્યાં રહેવાની જગોએ ભોયરાં કરાવી તેમાં નિર્ભયપણે રહેતા. શત્રુઓની ચાલાકી

બહુજ સમય સુચક અને અદ્ભૂત તથા અજબ હતી તેથી પાદ-શાહ બોયરામા રહી રાત્રે પોતાનુ રક્ષણ બહુજ સંભાળથી કરતાં ઘણીખરી વાર શત્રુઓ રાત્રે ઓચિતા જેમ આકાશમા મેઘ ચઢીઆવે છે તેમ આવી પોતાની પ્રબળ બહાદુરીની ખરી લડત ચલાવી પાદશાહી લશ્કરના નોકરોને ઝાલી મુધમૂઆ કરી દશ-દશ વીશવીશ ભેગા બાધી નદીમા તણાતા કરતા આવાં આવા ઘણા ભીન્ન પ્રકારના ખાસ દુખકારી કારણોથી પાદશાહને બોય-રામા વસવાની પદ્ધતી બહુજ પસદ હતી.

ત્યાથી નજીક આવેલા શીહોર ગામનો સામતસીગ ઠાકોર પાદશાહની આજ્ઞામા નહીં રહેતા સ્વતત્ર વૃતીથી વર્તતો તથા પા-દશાહને વિષ દઇ મરણુ શરણુ કરવાને એ વખત ખાનગી ગુપ્ત-પણાથી મસલતો ચલાવી હતી પણુ તે બધી નિર્થક થતા બાદ-શાહને સામતસીગ ઉપર બહુજ જુસ્સો ચઢી ગયેલો, તેને પકડી ઘટતું સાસન કરવા તથા શીહોરાવાળા ખાટ પણુ બહુજ ઉન્મતાઈ દાખવી બ્હેકી ગયા હતા તેમને પણુ યોગ્ય સજા કરવાની પેરવીમા બાદશાહ ફરતો હતો અને ઘણા ભાગે તો ઉપર જણાવ્યા પ્રમાણે-ના ખાસ કારણુને માટેજ મહમદશાહ પાદશાહ અહીં મુકામ ના-ખી રહો હતો

આ વખતે વાત્રક નદીમા પાણીની જબરી રેલો ચોગમ આવી રહી હતી પાણીનું સપાટાબંધ ઉછળવુ, તેની મદગતી ચાલવાની મટીને ઝડપની ગતી ગભીર ભરેલી પણુ જોસવાળી જોવાને શી-હોરાના કેટલાક ખાટ વિગેરે જોવા ગયેલા તે વખતે હરીસીંગ પણ પાણીનું પૂર જોવા ગયો; હરીસીંગ તરવાની કળામાં બહુજ કૂશળ અને તિક્ષણ બુદ્ધીનો હતો પાણીનાં જબરા સમુદાય વચ્ચે

તે આ વખતે તરવાની ક્રીયા સતેજ કરવાને તુર્તજ પડ્યો તરતા તરતા થાકી જનાથી પાણીમાને પાણીમા પાણીના જોરથી ધમડાતો અને કંઈક ભાગે તરતો ચાલ્યો જાયછે આ વખતે મહમદશાહની બેગમ પણ પાણીનું જબરૂ પૂર નિર્ખવા બેઠીછે તે અરસામા પેલો હરીસીંગ તરતો તરતો બાદશાહના ભોયરા નજદીક આવી ચઢ્યો પાદશાહે પેલા મરદને તરતો ચાલ્યો આવતો દેખી બેગમને પુછ્યુ કે આ કોણ મરદ તણાતો આવે છે ? બેગમે ઝટ પ્રત્તીઉત્તર વાળ્યો કે એ તો મ્હારો ભાઇ થાય ત્યારે રાજાએ કહ્યુંકે તારો ભાઇ તે મારો સાળો થાય માટે તેને આમ તણાતો જવા દેવો એ શુ બાજબી કહેવાય ? કદાચ હું તણાતો જવા દઉ પણ આગળ એને મગર મચ્છ ફાડી ખાય તો શુ પ્રભુ મારા ઉપર ગુસ્સે ન થાય ? ખચીત ઇશ્વરની આવકૃપા આ દેહને બહુજ દુ ખ જનક થઈ પડે એ નિસકછે આમ વિચારી દયાભાવ લાવી એક દમ બીજા તારાને અ દર નાખી તેને બહાર કાહાઢ્યો બીજા કપડા પહેરવા આપ્યા, બેસવા આસન આપી ખુશી ખબર પુછી. પાણીમા વધારે વખત હરીસીગ તરેલો હોવાથી તેના શરીરમા એકાએક સરદી દાખલ થઈ પાદસાહે તુર્તજ યોગ્ય ઉપચાર કરવાનો હુકમ પોતાની સાથે લાવેલા અનુભવી હકીમને ફર્માવ્યો હકીમે પ્રથમ ગરમી કરી તપાડ્યો અને ત્યાર બાદ કાષ્ટાદીક ઔષધ ચંટાડયા જેથી હરીસીગ સરદીના સંકટથી મુકત થયો બંને જણ અરસપરસ સુખશાત્તાની ખબરો પૂછવાબાદ બીજી કેટલીક હકીકતની પૃથક પૃથક વાતો ચલાવી

બંને જણાએ આન દની અધીકાધીક ઉત્સાહથી ગામ ગપાટાની નવા જૂની વાતો એક કલાક સુધી કરી. હરીસીંગની બે-

લવાની સમય સુચક છટા વાક્ય ચાતુર્યતા અને ધાર્મીક તર્કવિતર્ક દેખી પાદશાહના ધ્યાનમા તુર્તજ ઠસી ગયું કે આ રાજબીજ બહુ જોરાવર છે માટે તેને સઘળા દુશ્મનોને આધીન કરવાનીં ખટપટ સોપીશુ તોતે પૂર્ણ વફાદારીથી સંતોષ કારક કર્તવ્ય ખરાજીગરથી બજાવી આપણને સંતોષ આપશે જેથી આ બધી મુસીબતં ભરેલી ફડાકુટ આપણી જાતે કરવી નહીં પડે" આમ નિશ્ચય કરી સઘળી ફોજ હરીસીગને સોપી કહ્યુ કે

"અરે મ્હારા-હૃદયના ખરેખરા વિશ્વાસુ હરીસીગ મારૂં આ તમામ સૈન્ય તને સોપુછુ તે સૈન્યવડે શીહોરા ગામનો રાજા સાગર્તસીંગ બહુજ છકી જઈ અતી અઘટીત વર્તણુક પ્રમાણે લાબી મુદ્દતથી ચાલેછે માટે તેને તથા શીહોરા વાળા ખાટ પણ બહુજ ઉલટે માર્ગે ચાલી બહેકી ગયાછે તે બને મગજના ફાટેલાઓને જેમ બને તેમ સત્વર પકડી કેદ કરી મારી સમીપ રજુ કરવા હવે વિલબ લગાડવાનું કશું કારણ નથી હવે એક ઘડી વખત પણ સ્વાધીન કરવા બાબત દુર્લક્ષ દાખવવુ ઉચિત્ય નથી"

હરીસીગે પાદશાહનો હુકમ અંગીકાર કરી માથે ચઢાવી નમન કરી આજ્ઞા માગી દુશ્મનોને આધીન કરવા જપાટા બધ ચાલ્યો આ વખતે પ્રભાત થયોછે સૂર્ય રાજાના તેજસ્વી કીરણો પૂર્વ દિશામા છવાઈ ઝાક ઝમાળ થઈ ગગનમા જાણે સફેદ રૂપેરી ચદરવા બાધી લીધા હોય તેવો દેખાવ દશાવી રહ્યોછે તે વખતે અશ્વ ઉપર હરીસીગ સ્વાર થઇ શીહોરા ગામમા આવ્યોં શીહોરા વાળા ખાટે કલ્પના કરી કે આ હઠીલો બળીઓ હરીસીગ પાદશાહના ભેગો મળ્યો માટે ચોકસ રીતે કહુછુ કે આપણુ ગામ લુટીઆપણા સર્વેના હાલ બેહાલ કરી ગામ પાયમાલ કરી વિજયના

ડકા દશોદીશી ગજાવી વાઘની વેગે ચાલ્યો જશે તે વખતે આપણુને બહુજ પસ્તાવો અને બાપદાદાના એટલે વશ પરપરાના વખતથી મહેવાસુને ખીતાબ જે જાળવી સાચવી રાખ્યો છે તે વિના કારણે જાય એતો તદન અઘટીત બનાવ બન્યો ગણી શકાય આપણી સતેજ જગતમય કીર્તી નિસ્તેજ બની દુર્દસા દીનપરદીન વધારે થાય એ બહુજ હિણુપત લગાડનારી બીના છે આમ વિચાર ચલાવી પોતાના ગામનુ રક્ષણ કરવા તૈયાર થઈ એક આગેવાન ખાટ જુસ્સાબધ સ્વરથી નિચે મુજબ બોલ્યો ! ! અરે ! શૂરા લોકો તમારૂ સાહસીક શૂરાતન એકદમ સતેજ કરી આગળ મરણીઆ થઈ ધસો અને શત્રુનો સહાર સદયુકતીથા કરી નસાડી ભગાડી મુકો આપણો એજ ધર્મ અને પ્રથમની અસલ મહત્વની ચાલતી આવેલી અગીકાર કરવા લાયક ફરજ અને રૂડી લાગણી છે. તેજ ફરજ અદા કરવામા કયો શૂરવીર બધુ સામેલ નહી થાય ? આવી રીતે સર્વે ખાટ ઠાકોર જુસ્સાહના આવેશમા એક થઈ સામા થવાને તત્પર થઈ રહ્યા છે ત્યારે ધનબાઈ જે હરીસીગ સાથે લગ્ન કીધેલુ છે તેણે કહ્યુ કે શત્રુની સ્વારીમાં ફતેહ થવાનુ એક ઘણુજ શુભ ભરેલુ કાવતરૂ મ્હારી જાણમાં છે તે એકે એને કપટયુક્તી અને તરેહવાર તદબીર કરી ઝટપટ ઝેર ખવારી મરણની પથારીએ સુવાડીદો અને એ ઠરાવ પ્રમાણે આજ રાત્રે દારૂમાં વિખ નાખી હું તેમ પાછશ સઘળા ખાંટે સપ કરી હરીસીગને મારી નાખવાની તૈયારી કરતા દેખી ધનબાઇએ આ કપટ યુક્તી શોધી કાઢી હતી. જે આ કપટ યુક્તી નહી હતી પણ બચાવ યુક્તી હતી ધનબાઇના મનમાહતુ કે આ સઘળાને અત્યારે ઝેર ખવરાવવાનુ આડુંઅવળુ સમજાવી રાત્રે સઘળી મ-

સહ્નોથી હરીસીંગને વાકેફ કરી રાતમા ને રાતમાં ભગાડી મુ- કીશ જેથી તે હૈયાત હશે તો ઇશ્વર ઇચ્છાએ કોઈ વખત સ્થીર બેસવાનો સમય આવશે આ વિચાર પ્રમાણે રાત્રે બંને જણ એક જગોએ ભેગા થયા ત્યા સર્વે હકીકત નિવેદન કરી ધનબાઇએ સમજાવ્યુ કે પ્રીય પ્રાણનાથ—સગા સબધીમા દ્વેશ કરી લઢી મરી દેહ ખોવો એ કરતા એકાએક રાત્રે નાશી જવુ સર્વોત્તમ છે ધનબાઇની સમયસુચક શીખામણ સ્વીકારી રાતોરાત ગુપ્તપણે લઢ્યા કે વઢ્યા વગર પાદશાહ કને હરીસીગ આવતો રહ્યો.

સામતસીગ શીહોરાથી નાશી માડવા આગળ છાવણી કરી હતો ત્યા હરીસીગ ફોજ લેઈ ગયો માડવાની ભાગોળમા દારૂણ યુદ્ધ થયુ લડવેયાઓ મરણીઆ થઇ આખો મીચી શર ચઢાવી ધમારાબધ પડયા હતા હરીસીગના અજીત લશ્કરે સામતસીગના લશ્કરનો ધાણ કાઢી નાખ્યો હજારો યોધ્ધા મરણ શરણ થઈ ગયા, હજારો ધડ વિનાના થયા, હજારો ધાયલ થયા છેવટે સામતસીગની ડાબી આખની ઉપરના ભાગમા હરીસીગની તિ- ક્ષણ દ્રષ્ટીના બળમા આવેલી ગોળી સખત લાગવાથી તમર એકા એક આવી બેભાન થઇ જમીન ઉપર ધબ દઇને ઢાળી પડયો અને પા કલ્લાકના ટુકા અરસામા શ્વાસોશ્વાસ ધમણની પેઠે વેગ બધ ચાલી તે પાપી સામતનો પ્રાણ ગયો.

સામતસીગને મરણ પાથરીએ ગાઢ નિદ્રામા સુવાડી, ફ- તેહ કરી, વિજયી ડકા દશોદીશ ગજાવી હરીસીંગ મહમદસાહની પાસે હર્ષ પામતો આવ્યો તે વખતે બાદશાહ વિવિધ પ્રકારની ર- સાળ રસોઇ થાળમા પીરસાવી જમતો હતો. હરીસીગ વિજયી ડકા ગગડાવતો આવેલો તેથી બાદશાહ તેનાઉપર બહુજ પ્રસન્ન

અને વ્હાલ ખરા -હૃદયથી લાવી હાથ હરીસીંગનો ઝાલી કહ્યું કે તમે ક્ષુધાતુર થયા હશો માટે મ્હારાભેગા અનાજ આરોગવા સત્વર બેસી જાઓ હરીશીંગે અનેક વખત ના ના ઉચ્ચાર કર્યા, બહુ બહુ બ્હાના કાઢયા. કહ્યુંકે અરે! રાજાજી સાહેબ હુ અબઘડી જમીનેજ આવ્યોછું. મને પાણી પીધા જેટલી પણ ભૂખ નથી. શુ હુ જુઠુ કહુ છુ ? એમ આપના ખ્યાલમા ભાસેછે માર કહ્યું સત્ય માની મ્હારી અર્જ વાણી ઉચિત્ય ધારો. મને કદાચ ભૂખ હોતતો હુ આપના ભેગો બેસી જવા જરા પણ વિલબ ન લગાડુ મને શુ કાઇ શરમ લાગેછે? રાજાજીના સમ આમ બહુ બહુ વાર આડુ અવળુ પાદશાહને સમજાવા માડયું મોઢાની વિવિધ યુક્તી પ્રયુક્તીની વાકયકતાથી રાજા છેતરાણો નહીં પણ આમ બહુવાર રગજગ થવાથી ઘણો ગુસ્સો ચઢયો અને હરીસીગને કહ્યુ કે નહી બસ! શું માર અપમાન કરવુ છે ? ભૂખ ન હોય તથાપી જરા જમી તુર્ત ઉઠી જજો પણ ખાધા વીના નહીજ ચાલે આમ રાજાનો અતીસ્ય આગ્રહ નિર્ખી હરીસીગે વિચાર્યું જે હવે આપણી સઘળી તદબીરો નિર્થક અને નિર્માલ્ય થઈ છે, એક પણ યુકતી આ વખતે સાધનભુત થવાની નથી માટે હશે! ઇશ્વિર ઇચ્છા ? મારા નસીબમા મુસલમાન જ્ઞાતી થવાની વિધાતાએ લેખ લખ્યો હશે તે કોણ મિથ્યા કરે ? જગ નિયતાની તેવી ઇચ્છા! આમ નિર્ધાર કરી બાદશાહના ભેગો ખાણુ ખાવા નિરૂપાયે અસતોષ વૃતીથી બેઠો ક્ષુધાતૃપ્ત કરી બાદશાહની મમતા હરીસીગ ઉપર અથાગવધી પડી. તેના ઉપર અપરીમ હેત, અત્યાનંદ-હોસ, અને પૂર્ણ પ્યાર વધી પડ્યો તેની અજબ હોશીઆરી ઉપર ફીદા ફીદા થઇ પોતાની કીતાબ આપી ૧૨૫ ગામનો પટો કાઢી

આપ્યો અને સામતસીંગને રહેવાનું માંડવા ગામ હતુ તે એને આપી માડવા પ્રગણુ સ્થાપ્યુ સંવત ૧૫૨૭ ની સાલમા આ બનાવ બન્યો.

તે વખતના રાજ્યકર્ત્તાઓ એક પળપણ જંપીને બેસવા પામતા નહી વિવિધ જાતની અરાવૃંદા, મુશીબતો અને નવાજુની રાજય સબંધીની આફત ભરેલી અફવાઓ, દુશ્મનોની ચઢાઇઓ, શત્રુઓ તરફથી હેરાન પમાડવાની પેરવીઓ, ખાનગીમસલતો, સર્વેના મન ઉંચા, હૈડા ફીકરમય ઇત્યાદી વિવિધ બાબતોની વિટંબણાવી' મશહુર એવાજે સર્વના વિચાર એકપછી એક અનાર નવાર બદલાતા હતા, ઘણીખરીવાર શાન્ત નિદ્રામાથી દુશ્મનો અચાનક ચઢી આવે તો દેશનુ અને પોતાનુ તથા પોતાના જાન માલનુ રક્ષણ કરવાને ઉઠવુ પડતુ હતુ. ઘણી ખરીવાર ભોજન ઉપરથી અપૂર્ણ મૂકી ઉઠવુ પડતુ હતું આ બધું વીપરીત દુખ અને વોટબણા પ્રથમના જેટલી હાલના રાજ્ય કર્ત્તાઓને ખમવી પડતી નથી એ કેટલો બધો જગન્નિયંતાનો સર્વોત્કૃષ્ટ ઉપકાર કહેવાય

ઉપર દર્શાવ્યા પ્રમાણે હરીસીંગને પણ અચાનક વિપત્તીનુ કારણ વિપરીત બનાવથી બન્યુ રાતના બાર ઉપર એક વાગતાની વખતે હરીસીગ અઘોર નિદ્રાને આધીન થયો હતો સર્વે સામતો તથા લસ્કરના સિપાઇઓ હથીઆર શાસ્ત્ર સર્વે બાજુએ મૂકી તમામ નિદ્રાવશ થઇ ગયેલા છે. તેવામા એકદમ શીહોરાના શૂરા, જુસ્સાવાળા અને સ્વદેશ ભક્તીના સ્વતંત્ર વિચારના અદલ ટેકીલા નિશ્ચય, નિમમી, ખાટ ઠાકોરોના મનમા તે વખતે હરીસીંગ જીવતા તેમને ગયો હતો તેવાત વીસરી ગઇ નહોતી હરીસીંગ ને હરાવાવા તથા તેનુ રાજ્ય આધીન કરવા શૂરા ખાટ ઠાકોરો

અંસ્ત્ર શસ્ત્ર સજી હથીઆર ધારણ કરી ઘણું લશ્કર પ્રખ્યાત માધવ ખાટની સુરદારી નિચે માડવા ભણી આવ્યું મધ્યરાત્રની સમયે માડવાની ભાગોળે સઘળુ શૂરાતનથી છવાએલું સૈન્ય આવી પહોચ્યુ છે એકદમ માડવા ગામમાં પેસી તરવાર, બદુક અને તોપોનો તડાકાબધ મારો ચલાવી દીધો છે હરીસીંગ ઉઘમાથી જાગ્યો. તો આવો ઘોઘાટ અચાનક થતો સાભળી મનમા વિચારવા લાગ્યો કે આજે ઉનાળાની રૂતુમા મેઘ ગર્જના થાય છે કે શુ આમ વિચાર કેટલીકવાર સુધી કર્યાબાદ એક ચિતે ભયકર ઘોઘાટની પરીક્ષા કરવા શાત્ત રહ્યો તો તુર્તજ ખ્યાલમા આવ્યુ કે માનો ન માનો પણ આ નક્કી દુશ્મનના જુસ્સાહ ભરેલા હુમલાના અસ્ત્રાની ગર્જના થાયછે માટે આ વખતે આળસ રાખવી ઉચિત્ય નથી આમ વિચારી ઝડપ ઉભો થયો લશ્કરના સોપાઇઓને જગડયા. હથીઆર તૈયાર કરવા હુકમ કર્યો

હરીસીગનુ લશ્કર સર્વે સજ થઈ દુશ્મન સામો ઘસારાબધ મારો ચલાવ્યો હરીસીગે લઢવા સબધી સર્વ સામગ્રી, સૈન્ય, હથીઆરો, દારૂગોળા વિગેરે આગળથી તૈયાર રાખતો તેથી આ વખતે તેને ઝાઝુ સજવુ પડયુ નહી હરીસીંગના લડવૈયા પણ ખરેખાત સ્વામી ભકતીની ખરેખરી ફરજ અદા કરવામા પાછા પડે તેવા નહોતા બખ્તર, કવચ ધારણકરતા અને પછી મરણીઆ થઈ તીડની પેઠે પડતા "કહેવત છે કે એક મરણીઓ સોને મારે" આ જગતપ્રસિદ્ધ સિદ્ધાત મુજબ જો કે ખાટ સૈન્ય આગળ હરીસીંગનુ લશ્કર આકાશમા એક તારો માફક હતુ. તથાપી ઉપરના સિદ્ધાત મુજબના પ્રબળ કારણથી વારંવાર ફતેહ કરતું ખાટ ઠાકોરોને આવી રીતે અચાનક ચઢી આવવાનું ખરૂ કારણ પા-

છળથી એવુ જણાયુ કે "હરીસીંગને હમે અમારી ખાંટની દીકરી પરણાવ્યા બાદ તે મુસલમાન ધર્મમા સામેલ થય, કેમ ? આ નાનકડા વાકયે મ્હોટુ રમખાણુ મચાવી સર્વના હૈડા ધાસ્તીમાં ગુથાવી નાખ્યા સવાર થતા સુધી તુમુલ યુદ્ધ થયુ બંને પક્ષના હજારો માણસ મરાયા પણ કોઈ બાજુ નરમ પડી નહી. દુશ્મનો દગાથી રાત્રે છાપો મારે આવી કલ્પના હરીસીગના સ્વપ્નામા પણ નહોતી આવી પણ આ બનાવથી તેને બહુજ માઠુ લાગ્યુ તેથી પોતે જાતે હથીઆર સજી બખ્તર, કવચ ધારણ કરી મરણીઓ થઇ દુશ્મનોના જમાવમા પડયો એટલે પછી બાકી શુ રહે ! હજારોને એકે સપાટે વાઢી ઢોળી પાડયા દુશ્મની લશ્કરનો ઘણો ભાગ મરણ પામ્યો તેથી તેમનામા ઝાઝુ બળ, શૂર અને જુસ્સો રહ્યા નહી હરીસીગના અજીત હાથ દુશ્મનોને હફાવવામા, તેમને કાપવામા તથા નિસ્તેજ કરવામા સર્વોત્કૃષ્ટ મુબારકબાદી આપવા લાયક થઈ પડયા પોણોસોથી વધારે મનુષ્ય સામા પક્ષમાં રહ્યુ નહી આગેવાનપણુ ધરાવનારા સઘળાં ખાંટને પકડી કેદ કર્યા. અને ઘણાને કેદ કર્યા હરીસીગના હૃદયમા દયાનો અંકુર મૂળથીજ હતો તેથી જીતાએલા દુશ્મનોને માફી આપી તેમને જવા દેવાનો વિચાર દયારૂપી અંકુરના પરીબળથી તેના મગજમા ઉત્પન્ન થયો

સર્વ ખાટને કેદમાથી બહાર કાઢી એક સુંદર ભુવનમાં સભા ભરી સર્વ ખાટને ઘણાજ આદરભાવ અને સવિનયથી અપાર બાન આપી આદર સત્કાર કરી બેસાડયા. આ પાણી આયો, પાન સોપારી અને ઇલાયચી અર્પ્યા.

આ વખતે સઘળા ખાટ આશ્ચર્ય પામી તાજુબ થયા કે

ઓશું ? હરીસીગના ઉપર આપણે છળ કપટથી લઢવા આવ્યા છ તા તે આપણને મરણ શિક્ષા નહી કરતા આટલો બધો બધુ ભાવ દાખવી આપણા સર્વે તકશીર માફ કરી અમીદ્રષ્ટી દાખવી અપકારને બદલે ઉપકાર કરેછે અનુગુણ ઉપર ગુણ કરે એવા સ-જ્જન મનુષ્ય તો સૃષ્ટીમા ક્વચીતજ અથવા દુર્લભ હોયછે ધન્ય છે હરીસીગને કે જેણે આ સર્વોત્તમ ગુણની સમશેર ગ્રહણ કરી આપણને અભયદાન દેવા તત્પર થયો છે

બીજો કોઇ હોત તો કયારનાએ આપણા શરીરને છેદન-ભેદન કરી આપણા ઘરબાર લુંટાવી ઝુટાવી બૈરા છોકરાને કેદ કરી આપણુ શીહોરા ગામ સ્વાધીન કરી લીધુ હોય પણ આ હરીસી-ગનો ઉલટો દયા ભાવ લાવી બધનમાથી મુક્ત કરવા પ્રેરણા કરેછે. આવા પૃથક પૃથક વિચાર દરેક ખાટના હૃદયમા એકપછી એક ચાલી રહ્યાછે.

તેવામા બહુ વાર વિચાર, મનન અને બુદ્ધી કૌશલ્યનો ઉ-પયોગ કરી એકદમ બોલી ઉઠ્યો "અરે ખાટ ઠોકાેા આટલા દીવસ હુ તમોને જે કઈ તમારા હીતને અર્થે કહેવા ઇચ્છા રા-ખી જીજ્ઞાશા ધરાવુ તો તે મારૂ બોલવુ તમે નિર્થક ગણી ના-ખો એ સ્વભાવીક છે. મારૂ બોલવુ નિર્થક ગણી મને દોઢડાહ્યામા ગણી કાઢો (!) મને અને મ્હારા હિતા ઉપદેશને હાસ્ય કરી દીલગીર બનાવો અને તમે તમારા મનમા મગરૂબ થઈ એમ માનો કે આપણે સર્વ વાતે સમજણા, સુજ્ઞ, વિચારવત અને સ-પૂર્ણ બીનાથી વાકેફગાર મનુષ્ય ને એક આજ કાલનો ઉધરતા લો-હીનો ઉછરગી જુવાનીઓ આપણને શું શીખામણ દેવાનો છે ?

આવી રીતે મને મૂર્ખમા ગણી મ્હારા બોલવા ઉપર લક્ષ

લગાડો નહી પરતુ આજેતો હું જે કાંઇ તમારાં હીત અને ઉન્નતીના અર્થે જે બોલ બોલુછું. તે ઉપર ખાસ,તમારૂ ચિત્ત મારા વિચાર ભણી આકર્ષણની પેઠે દોડાવવુ એ તદન વ્યાજબી, ઉચિત્ય અને વિચારવા જોગછે. સર્વે એકે અવાજે બોલી ઉઠયા, નેક નામદાર હરીસીંગ મહારાજા આ 'વખતે' અમે તદન સત્ય રીતે પ્રાર્થના કરી બે હાથ જોડી યાચના કરીએ છીએ કે આ વખતે અમારી મ્હોટી કસુર થયેલી છે અમારી અલ્પમતીની અજગાએશ આ વખતે થાયછે માટે અમારી અસ્ત સ્થિતિ મટી હવે ઉદય સ્થિતિનો આરભ અવશ્યે થાય એવો પરમ હીતકારી સુબોધ સવીસ્તર બીના સાથે કૃપા કરી ફર્માવશો જેથી અમે આખા જન્મારા પર્યંત આપ નામદારનો ખરા જીગરથી ઉપકાર યથા શક્તી પ્રમાણે બજાવી શુ ' હરીસીંગે પોતાનુ અમુલ્ય હીતકારી વચન આગળ ચલાવ્યુ "

જગનિયતા પરમ રક્ષક પરમેશ્વરે મનુષ્યની જે સ્થિતિ કરી હોય તથા જે સભ્યતા, બુદ્ધી, ડહાપણ અને સમૃદ્ધી અર્પી હોય તેમાજ સદાકાળ સતોષ માની કૃપાળુ શિરરક્ષક દેવની દીન રાત પ્રાર્થના કરવી દુરાગ્રહી, કપટી, સ્વાર્થી, મોઢે માષ્ટ મધ સમાન વચન બોલી પેટમા આડી તરવારની કાપણી ચલાવનાર મનુષ્યો ઇશ્વિરે બક્ષેલી સ્થિતિમા સતોષ અને આનદ નહી માનતા વિશેષ લોભત્વપણુ રાખી અનેક યુક્તી પ્રયુક્તી અને તરેહવાર તદબીરોથી વળખા ફાફા અને ઇશ્વર નારાજ થાય એવા અઘટીત કૃત્યોમા દાવ ખેલવામાં દહાડો ને રાત મશગુલ કરી મશહુર રહેછે. પણ તે બધી મહેનત હવામા બાચકા ભરવા જેવી, નિર્થક જાયછે અને વખતે ફાસ કાઢતા સાલવાગે આ જગત પ્રસિદ્ધ કહેવત મુજ-

ર્યં ઉલટું ફરમાવું થાયછે. ત્યારે તો રીબાવાની સીમા રહેતી નથી અત્યારે તો હું દર્યાળુછુ તેથી તમારા સઘળા અઘટીત કૃત્ય ક્ષમા કરી તમારી ઉપર દયા દ્રષ્ટી દાખવી તમોને મુકત કરવામાં મહાઆનદ સમજુછુ પરતુ આ વખતે મ્હારી જગોએ જો બીજો કોઈ હોતતો તમારી સ્થિતિ બહુજ દયાજનક અને તદન દુર્દશામા પ્રદર્શીત થાત. પણ મારેતો 'અપકારને બદલે ઉપકાર' આવો ટેક છ મહિનાથી ગ્રહણ કરી તે મુજબ વર્તવાને સોગન ખાધા છે મારી આવો અદલ ટેકરૂપી વૃતોથી મ્હારા સુખમા બહુજ વધારો થઈ અત્યારે હુ સઘળા દીવશ સુખશાત્તી અને એશ આરામના ઉત્કર્શમા વિસર્જન કરૂછુ આ ટેકનુ આવુ અદ્ભુત અત્યત લાભકારી મ્હાત્મ છે માટે તમો સઘળા પણ આ ટેક ગ્રહણ કરી તે મુજબ વર્તવા કબુનત આપી—દરસીગે પોતાનુ શુભાષણ આગળ ચલાવ્યુ—હવે હુ તમારા કરેલા કર્તવ્ય ઉપર ક્ષમાદ્રષ્ટી કરી તમોને સુખેથી તમારા વતન જવા આજ્ઞા અને પરવાનગી આપુછુ માટે સત્વર તમારે વતન જઈ તમારૂ રાજ્ય સલાહ સંપથી અને યોગ્ય યુકતી પ્રયુકતીથી જાગવી ઉદય સ્થિતિમા કરો એવી આશીષ આપુછુ •

સઘળા ખાટ દાકોરો પરવાનગી માગી અથાગવાર નમન કરી ખરા જીગરથી પાડમાલી પ્રમશા કરતા પોતાને ગામ વિદાય થયા અને પોતાના ગામમા સત્ય નિયમના નિર્માણ કરેલા ટેક મુજબ વર્તી હમેશ આનદનો અમૃતરૂપી લાવ લઇ સુખ સ્વર્ગ સરીખુ સપાદાન કરી શકયા. સોબતુ તેવી અસર આ કહેવત દરેક મનુષ્યે શુ પોતાના કાળજામા કોતરી રાખી તેનુ રટણ દરરોજ કરવાનો દેશી ભાઇનો ધર્મ નથી ?

એક વખતે હરીસીગ ગામ ચર્ચા જોવા તથા રૈયતની સ્થિતિ કે-વીછે? મારા તાબાના નોકરો રૈયત ઉપર કઈ પણ ગેરવ્યાજબી જુલમ કરી રૈયતને પીડેછે કે કેમ! તથા લોકો મારી વર્ત્તણુ-કથી કેવી સુખીછે? તેઓનું મન કશી વાતે દુભાય છે કે કેમ! ઈત્યાદી ભિન્નભિન્ન બાબતોનો સદેહ મટાડવા રાતની વખતે જુનો સાધારણ પોશાક પહેરો કાઈ પણ ઓળખી ન શકે એ-વી હલકી વર્ણના ડોળ કરી ફકત એકલો ફરવા નીકળ્યો. શેરીએ, ચોટે અને મહોલ્લે તથા દરેક સ્થળે જઈ લોક ઉભા હોય તેમને આજીજીપુર્વક બતાવી પુછે કે આ ગામનો રાજા કેવો છે? મારે પુછવાનુ કારણ એટલુજ છે કે અમે ઇડર તાબાના ગામમા રહીએ છીએ પરતુ ત્યાનો રાજા મહાજુલમી, અતીઘાતકી અને વીપ-રીત કર્મ કરવાવાળો નિર્દય અમારી પાસેથી બમણો કર લઈ નાહક દુખી કરેછે તેથી અમે તે ગામ તજી અન્ય ગામ જવા વિચા-ર કરેલા છે માટે આ ગામમા તમે સુખથી વસતા હોતો અ-મે પણ અહી આવી રહીએ. પેલા સામા માણસે પ્રતીઉત્તર વાળ્યો અરે! આ રાજ્ય તો ખરેખર રામરાજ્યછે કશીવાતની ન્યુનતા કે દુખ રૈયતને ખમવુ પડતુ પડતુ નથી આ ગામનો ઠાકાર હરીસીગ તે ખરેખર હરી જેવોજછે. ઈશ્વર તેમને દીર્ઘાયુષી કરો તેમનુ સર્વોત્તમ રાજ્ય અવીચળ ચ તવો અને તેમની કીર્તી જુ-ગોજુગ પ્રસરો. આવા આશીષ વાકયના નિષપક્ષપાતી વચ નથી હરીસીગનો ત્યાજ ખુલાસો થયો. ત્યા અડધો કલાક વાતચીત કર્યા બાદ. આગળ ચાલ્યોતો એક યુવાન પુરૂષ માથે દક્ષિણી પાઘડી મગજ મ્હોટુ અને ગભીર, દીર્ઘદ્રષ્ટી, તિવ્રબુદ્ધિ અને સુક્ષ સમજનો હોય એવા દેખાવવાળો એક આસન ઉપર પલાઠી વાળીબેઠોછે—સામા

ગામના લોકોમાથી અર્ધેથી વધારે માણસ શાન્તચિતથી બેઠુ છે પેલા મહારાજ આસન ઉપર બેશી હાથમા એક મ્હોટુ પુસ્તક લઇ શાન્ત પ્રકૃતિથી વાચે છે સઘળા એકાગ્ર ચિત્તથી સાભળે છે આવો દેખાવ હરીસીગની દ્રષ્ટીએ પડયો કે તુર્તજ તેઓની નજીક જઈ તે ટોળામા ભેગો બેસી એક કોરાણે બેશી શુ વાચે છે તે સ્થિર ચિત્તે સાભળવા લાગ્યો.

પેલા મહારાજે નિચે મુજબ વાચવાનુ શરૂ કર્યું હતુ "વ્યવહારમા રાજ્ય નિયમથી વિરૂદ્ધ કોઈ કાળે વર્તવુ નહી કેમકે રાજ્ય નિયમને અનુસરી વ્યવહાર ચલવનાર શુખી થાય છે ને વિરૂદ્ધ રીતે વર્તનાર રાજ્યશિક્ષાને પાત્ર થઈ દુખી થાય છે. વર્તમાન સમયમા પૃથ્વી ઉપર રાજ્ય ત્રણ પ્રકારના ભાસે છે. રાજાસત્તાક, રાજાપ્રજા સત્તાક, અને પ્રજાસત્તાક, એમાથી જે પ્રકારના રાજ્યની સત્તા નિચે વસતા હોઇએ તેના નિયમને અનુશરી સદા ચાલવુ, રાજાસત્તાક રાજ્યમા માત્ર રાજાનીજ સત્તા હોય છે. તેમા પ્રજા માટે જે જે નિયમો બાધવામા આવે છે, તે સર્વ રાજાની સ્વતંત્ર ઇચ્છા મુજબ બંધાય છે. માત્ર તેમાં સલાહકાર મુખ્ય પ્રધાનાદિ હોય છે, પ્રજાની સલાહ મુદલ લેવામા આવતી નથી, જેથી ઘણી વેળાં પ્રજા નારાજ થાય એવા નિયમો બધાય છે. ને તેનુ પરીણામ એવુ આવેછે કે, કોઈ સમયે પ્રજા રાજ્ય વિરૂદ્ધ થતા જ્યા ત્યા કલેશ ઉત્પન્ન થઇ રાજ્યની ચાલતી વ્યવસ્થામા ભગાણ પડેછે પણ પ્રજાસત્તાક રાજ્યતો બધી પ્રજા કેળવાએલી હોય તોજ ચાલી શકેછે, કેમકે કેળવાએલી પ્રજામા આખી પ્રજાની સમાન્ય લાભ અલાભ સમજવાની શકતી હોવાથી તે એક સંપ રહેછે ને સમગ્ર રાજ્ય પોતાનુ છે એવી તેને મમતા

ગવાયછે, જેથી રાજ્યની વ્યવસ્થા તે ઠીક રાખી શકેછે.

હરીસીગ આટલો વખત અહી બેશી શકે નહી પણ આ વખતે રાજ્યનિતિ સબંધીનો વિષય વચાતો હતો, તેથી તેનુ મન એ હિતકારી અવસ્યે શ્રવણ કરો તે મુજબ વર્તવાથી સુખી થવાના નિર્ણય ઉપર બહુજ ચોટયુ તેથી તે એકાગ્ર ચિત્તે સાભળવા લાગ્યો

રાજાએ પ્રજાને કેળવવીને અનેક પ્રકારની પાઠશાળાઓ સ્થાપી તે દ્વારા પ્રજાને જ્ઞાન આપવુ ને તેને રાજ્ય વહીવટમા મત આપવાનો હક આપવો જેથી તેના તરફથી કોઈ પણ પ્રકારની હાની થવાનો પોતાને ભય રહે નહીં. પેલા માણસે હવે પોતાનુ વાચવુ વધારે રાત્રી જવાથી બધ રાખ્યુ એટલે સર્વે તે માણસની રજા માગી વિષયની તારીફ અને ઉલટભેર પ્રશસા કરતા કરતા સૌ સૌને ઘેર જવાને તૈયાર થવા લાગ્યા, હરીસીંગ પણ ઉઠી ઉભો થઈ પોતાના અવાસમા જવા ચાલ્યો દશવીશ મીનીટમા પોતાના એકાત નિદ્રા લેવાના ઓરડામા આવી પહોચ્યો પણ નિદ્રા આવે નહી અને તેમા અનેક તર્ક, વિતર્ક રૂપી તુરગના વિચાર ઉપરા છાપરી થવા લાગ્યા તેના મનમા એમ આવ્યુ કે એ રાજયનિતી બાબત આખ્યાન આપનારો બહુજ વિદ્વાન છે માટે તેને આવતે કાલ આદરમાન આપી બહુજ સભ્યતા જણાવી આપણા દરબારમા બોલાવી રાખીશુ અને પછી હમેશા તેના મૂખની અમુલ્ય વાણી શ્રવણ કરીશુ આમ નિશ્ચય મન સાથે કરી નિદ્રા આધીન બની ગયો.

મનુષ્યની ગતિ અને સ્થિતિ સારી થવાની હોય ત્યારે તેને સદ્ વિચાર ઉપર ચિત્ત ચોટે છે આ વાકય મુજબ હરીસીંગની ચડતી અને ઉદય સ્થિતિ થવાની લગભગ તૈયારી હતી તેથી તેને

સારા વિદ્વાન મનુષ્યનો અમુલ્ય ઉપદેશ હિતકારી લાગી તે તરફ લોહચુંમ્બકની પેઠે તેનુ મન ખરા જીગરથી આકર્ષાયુ દાંભીક કપટ કળા અને વિપરીત ઘાતકી વિચાર તેના હૃદયમાથો આ વખતે વેગળા જઈ બેઠા હતા તેનુ હૃદય નિર્મળ, નિષ્કપટી અને પ્રમાણીક તથા સાવિનય વીગેરે સદ્ગુણી થયુ

પ્રાત કાળમા સુર્યોદય થતા પહેલા જાગ્રત થઈ શરીર સુદ્ધ કરી જગનિયતાની પ્રતીપૂર્વક પ્રાર્થના હમેશના ટેકમુજબ બરાબર એક કલાક કરી સિહાસન ઉપર બેઠો છે તત્કાળ પ્રધાનને બોલવ-વા સિપાઇને દોડતો મોકલ્યો પ્રધાન પણ તત્કાળ આવી હાજર થઈ બે હસ્ત જોડી માથુ નમાવી બોલ્યો, મહેરબાન ખુદાવિંદ સધર્મ પ્રતિપાળક મહારાજ સેવકને શી આજ્ઞા છે? હરીસીગે કહ્યુ આપણા ગામમા અમુક જગોએ એક કોઈ મહા ગુણવ્રી પડીત આવેલ છે તેમને માટે એક સર્વોત્તમ દીપાવડો સુખપાલ લેઇ તેમા બહુજ આગ્રહથી બેસાડી હાલને હાલ મારી સમીપ લાવો

પ્રધાને આજ્ઞા માથે ચઢાવી તત્કાળ ફર્માવેલુ કામ બરાબર બજાવવા થોડા માણુસો અને સુખપાલ લેઈ ચાલ્યો મહા પડીતને જોઇ કહ્યુ કે અમારા રાજાજી આપને આમત્રણ દેવા મોકલ્યા છે અને ખાસ આપને માટેજ શુખપાલ મોકલવી છે માટે ઝટપટ તેમા બેશી જાઓ.

મહારાજને આશ્ચર્ય લાગ્યું કે કોઈ દીવસ નહી ને આજ કયાથી રાજાજી સાહેબે તેડાવ્યા? હશે જે થાય છે તે સારાને માટે આમ વિચારી પોતે શુખપાલમા નહીં બેસતા બંને જણા વાક્ય વિનોદની અને બુદ્ધીનો ફેલાવો થાય એવી પ્રુથકપૃથક વાતો કરતા રાજા પાસે આવી પહોંચ્યા.

હરીસીગ ઠાકોરે ઉભા થઈ ઘણોજ આદરમાન આપી મહા-રાજને આસન ઉપર બેસાડયા પોતે પણ શિહાસન ઉપર બેઠો. ઠાકોરે પ્રશ્ન કર્યો આપ બહુજ વિદ્વતાઈવાળા દીસો છો માટે આપની હકીકત પૂર્ણ રીતે કૃપા કરી જણાવશો અમારૂ હૃદય આપના મુખાર્વિંદમાની મધુર મીષ્ટ મધમમાન મન મોહક વાણી સાંભળવા તત્પર થઈ અધીરૂ બની રહ્યું છે.

મહારાજે સર્વ સદેહ અને મનોરથ પૂર્ણ કરવા પોતાની ચપળ જીભ સપાટબધ પવન વેગે ચલાવી " મારૂ વતન હિંદમા આવેલુ પવિત્ર ક્ષેત્ર કાસી છે મારા મા બાપ હજુ હૈયાત છે મારા પિતાજી વૃદ્ધ હોવાથી તેમણે સર્વે વિટંબણા વેગળી કરી ફકત ઈશ્વિર ભક્તોમા ચિત્ત ચોટાડયુ છે મને મારા પરમ પુજ્ય પિતાજીએ બાળ વયથીજ વિદ્વાનોના હાથ નિચે સોપી દીધેલો તેથી તે વિદ્વાનોની સહાયતાથી અને ઉલ્લટથી મે લગભગ વીશ વરસ સુધી ખૂબ સસ્કૃત ભાષાનો વેદપુરાણ અને જ્યોતીશનો અભ્યાસ ખરી ખતગી કર્યો ત્યારબાદ મારા માત પિતાએ એક લાયક સ્ત્રી સાથે મારૂ લગ્ન કર્યું તેના સહવાસથી મારે એક પુત્ર રત્ન અને એક પુત્રી છે લગ્ન થયા બાદ મેં અભ્યાસ કરવો બંધ રાખી આજીવીકા અને ઉદર રક્ષક અર્થે કરેલી વિદ્યાની પરીક્ષા કરી નસીબ અજમાવવા માડયું તે વખતે મને જુજ મહેનતે યથાશકતી ઉપરાંત મળવા લાગ્યુ મોટા મોટા રાજા રજવાડા તરફથી મને ખૂબ આશ્રય, પેન્સન અને બક્ષીસો આવવા લાગી મે ગામ પરગામ ફરી મારી વિદ્યાનો લાભ દરેક ગામમા આપવા નિશ્ચય કર્યો અને તે મારા નિશ્ચય પ્રમાણે હું ફરતો ફરતો આઠ દીવસ થયા આપના ગામમા આવેલ છુ. મારૂ નામ વિદ્યાસાગર છે.

વિદ્યાસાગરના યુક્ત વચન અને હકીકતથી રાજાને બહુજ સતોષ અને આનદ થયો અને વિચાર કરવા લાગ્યો કે આવા આવા ઇશ્વર તુલ્ય પડીત પૃથ્વીમા હૈયાત છે એ ખરેખર ખુશી થવા જેવું છે અને મારા પૂર્ણ સદ્‍ભાગ્ય કે આવા પડીતનો મેળાપ આજે થયો. આમ ધન્ય ભાગ ગણી પડીતને એક હજાર રૂપીઆ બક્ષીસ આપી વિદાય કર્યા દશ ગાઉ સુધી તેમને વળાવવા ગયો પડીતને વળાવીને આવ્યા બાદ હરીસીગ ઝાઝુ જીવ્યો નહી ક્ષયનો રોગ લાગુ થયો દીનપરદીન દુખમા વધારો એજ એના આખર અવસ્થાનુ મજબૂત કારણ થઇ પડયુ ત્રણ માસ દર્દમા પીડાતા સવત ૧૫૫૭મા ૩૦ વર્ષ રાજ્ય કરી આ ક્ષણભગુર દુનીઆ તજી અન્યભૂમીમા વાસ કર્યો

હરીસીગની આખર જીદગી થયા પછી તેના પુત્ર જમાલમીઆ સવત ૧૫૫૭મા ગાદીએ બેઠા જમાલમીઆને શીકાર કરવાનો બહુ શોખ હતો તેમજ ઘોડા દોડાવવામા બહુજ ચપળ હતો ઘણીવાર દોડતે ઘોડે ભોય ઉપરથી ધારેલી ચીજ લેવાની તેનામા બહુ ચાલાકી હતી વખતે દોડતે ઘોડે ઉડતા પક્ષીને તાકીને ગોળી ફેકતો તો તે નકામી ન જતા ધબ દઇ તે પક્ષી ભોય પડે આવી તેનામા દીર્ઘ દ્રષ્ટી હતી બાકી રાજ્ય ચલાવવામા તો હરીસીગથી ઘણા ભાગે ઉતરતી હોશીઆરી હતી એક દીવસે ઘોડા સ્વારો લઇ આજુબાજુના જગલમા શિકાર કરવા ગયો પોતાના માણસો સહીત જમીન ઝડપથી વટાવતો ચાલ્યો જાયછે તેવામા ચોમાસાનો ઋતુ હોવાથી સર્વે વૃક્ષોએ લીલા વસ્ત્રો ધારણ કરેલા, તે દેખાવ નિહાળી આશ્ચર્ય થઈ પોતાની સાથેના એક શૂરા પદ્માવત સરદાર મીઆને પ્રશ્ન કર્યો કે આ વખતે અચાનક

વાઘ આવી ચઢે તો તમે શુ કરો ? ત્યારે તે પટાવતે જવાબ આપ્યો કે આ બંદુકની એકજ ગોળીથી તેના પ્રાણ લઉ એટલુ મારામા સામર્થ્ય છે આમ બડાઈની વાતો થતી હતી તે અરસામા એક ખચીત વિકાળ વાઘ બરાડા પાડતો કુદકા મારતો તેમની સમીપ આવી ચઢયો. જમાલમીઆએ જાણ્યુ કે આ વખત હીમત હારવાથી પૂરી કમબખ્તી થવાની છે એમ ભવિષ્ય વિચારી એક વૃક્ષ ઉપર ચઢી સર્વે તમાસો નિર્ભય જેવો થઈ આતુરતાથી જોવા લાગ્યો પેલા બને પટાવતો પાછા નહી હઠતા પોતાના હીમતનો બુધી કૌશલ્યનો ઉપયોગ કરવા તત્પર થયા બહુ શર બતાવી ઉઘાડી તરવારે શૂરો સરદાર તેના સામો ધસ્યો વાઘે તરવારની અણી ચુકાવી આડા અવળા ફરી પેલા ઉપર ફલગ મારી પ્રાણરહીત કીધો બીજા ઉપર ફલગ મારવા જાયછે કે તે તુર્તજ હીમત હારી મૂઠીઓ વાળી નાઠો અને એક આમ્રવૃક્ષ ઉપર ચઢી ઘટામા છુપાઈ ભરાઇ બેઠો વાઘ થોડીવારે ત્યાથી વિદાય થયો એટલે જમાલમીઆ અને બીજો પેલો વાઘના પંજામાથી બચેલો પટાવત બનેજણ પાછા ફર્યા પેલા સબંધ ભોયશરણ કર્યુ અને આજના આવા બનાવથી જમાલમીઆને ખાત્રી થઈ કે નહી બસ હવે કદી પણ શીકાર કરવો નહી શીકાર કરવાના કૃત્યથી કોઈવાર અચાનક આત્મઘાત થાય છે આવો દાખલો શાક્ષાત સ્પષ્ટ રીતે મારી ચક્ષુ આગળ દિગદર્શન થયો ત્યારથી મારૂ હૃદય શિકારની બાબતને નિષેધ કરી નાખુવો ઉચિત્ય છે ઈશ્વર પણ નારાજ થાય છે આમ વિચારી તે ટેક જન્મ પર્યંત ગ્રહણ કરી રાખ્યો અને આખર અવસ્થા થતા સુધી કીર્યો તરણ તે ટેક પાળવામા ભૂલ કરી નથી. જે રાજાનો પ્રધાન

સદ્ગુણો હોય છે તે રાજા બહુજ સુખી હોય છે આ પ્રમાણે જમાલમીઆને સદ્ગુણી પ્રધાન મળ્યો હતો જમાલમીઆ સં-વત ૧૫૭૭ માં આશ્વીન માસમા દેહ ત્યાગ કર્યો એકદર વીશ વર્ષ રાજ્ય કર્યું.

જમાલમીઆને બે દીકરા હતા એક અમીજી અને બી-જો પીરામીઆ તેમા અમીજીને માડવાની ગાદી મળી અને પી-રામીઆ ને પુનાદરાની ગાદી મળી

માડવાની ગાદીએ અમીજી સંવત ૧૫૭૭ મા તખ્તનશીન થયો સલાહ સંપથી રાજ્ય આબાદીમા અમીજી ચલાવતા તેના વખતમા ટંટા ફીસાદ અથવા લડાઈ બખેડા એકપણ થયા ન-હોતા એક પછી એક એમ અગીઆર વર્ષ પૂર્ણ થયા બાદ ચો-માસાની રૂતુમા એક વખતે બપોર સમયે માડવામા ધરતીકંપ થ-વાથી લગભગ પચાશ ઘર જમીન શરણ થયા હતા ચોમાસામા ભીતો ભીની થયેલી હોય તેથી પડતા વાર લાગતી નથી આ સમયે ઘણા નિરાધાર અવસ્થામા દુખી થતા નિર્ખી અમીજીને દયાની લાગણી ઉત્પન્ન થવાથી રૈયતને યથાશકતી મદદ કરી હતી.

અમીજી સંવત ૧૬૦૧ માં મરણ પામ્યો ૨૪ વર્ષ રાજ્ય કર્યું તેમની પછી તેમનો દીકરો મોટાલાલ નામે સંવત ૧૬૦૧માં માડવાની ગાદીએ બેઠા

મોટાલાલમીઆ બહુજ બુદ્ધીશાળી અને પરદુઃખ ભંજન હતો પિતા પુત્રને પાળે તેમ રૈયતને પાળતો અને તેમને કીચીત પણ નડાવ ન થાય એમ રક્ષણ કરતો અઢાર વર્ષ એમ વિત્યાબાદ સંવત ૧૬૧૯ ની સાલમા લાલમીઆને દિલ્હીના પાદશાહ અકબર સાથે લડાઇ થઈ. લાલમીઆ કઇ અકબર પાદશાહના શરાતનથી

હરભડી જાય તેવો નહોતો તેણે અકબર ફાદશાહ કરેતા પણ વદે એવી ચપળતાઇ લઢાઈની કરવા માડી શીહોરના ખાટ તો જ્યારે જરૂર પડે ત્યારે હાજર રહેતા એટલુજ નહી પણું તે શીવાય હળવદના ખડીઆા ને તાબેદાર રાજાઓ પણ દિલ્લીના પાદશાહ ઉપર વેર લેવાને અને માડવાનુ રક્ષણ કરવાને એક પછી એક ઉલટભેર આવવા લાગ્યા. દિન પ્રતોદીન લશ્કરી સાગરમા લશ્કરી ભરતી થવા માડી

જ્યારે સધળા આશ્ચર્યકર્તા ઠાકોરો અને પટાવતો દૂર દેશાતરેથી આવી રહ્યા ત્યારે તે સઘળાઓને દરબાર ભરી એકઠા કર્યા લડાઇ શી રીતે ચલાવવી? કયા કરવી? સામા જવુ કે તેમને અહી આવવા દેવા વિગેરે બાબત ઊપર વિચાર કરવાને સધળા એકઠા થયા દરેક જણે પોતપોતાનો વિચાર જણાવવા માડયો તે બધાના વિચારનો સાર એટલોજ હતો કે દિલ્હીનો પાદશાહ વગર લેવેદેવે આપણા ઉપર ચઢી આવછે તેમને લઢાઇ કરવા આવવાનુ આપણે એકપણ કારણ આપ્યુ નથી તેમણે હાથે કરીને આ કજીઆનુબી રોપ્યુ છે ને માડવાના સુતાસિહોને છછેડયા છે જો તેઓ આપણા મુલક ઉપર ચઢી આવી રૈયતને ભયભીત અને દુખી કરે, ખેતરો નણુસાડે અને ગામડા લુટીને બાળે તે કરતા આપણેજ તેમના મુલક ઉપર ચઢી જાવુ એ વધારે શર્વોત્તમ છે એ બાબતમા સધળા એકમત થયા એટલે લાલજીઆએ બીજે દીવસે અરૂણોદય થતા પહેલા માંડવાની બહાર ચોગાનમા લશ્કરને એકઠુ થવાનો હુકમ કર્યો

બીજે દીવસે સુર્યોદય થવાની સાથે માડવાની બહાર ડકા નીશાન ફરકવા લાગ્યા. ઢોલ, તાસા, ભેર ને શરણાઈના શુર ગવા-

વાં લાગ્યા. ભાટ ચારણોને બંદીજનોએ શૂરી કવિતાઓ ગાવા માંડી મહાભારતમાંથી, પૃથુરાજ રાસમાંથી અને બીજાં જૂના વીરરસ કાવ્યોમાંથી ભાટ ચારણો વીરરસનાં કાવ્યો ગાતા હતા તે સાંભળતા બાયલાને પણ શૂર ચઢે તો પછી આ બહાદુર શૂરવીરો દુશ્મનો ઉપર ઘા કરવાને એક પગે થઇ રહે તેમનાં રૂવાં ભાલાની માફક ઊભા થાય તેમાં શી નવાઇ ? પરોઢ દહાડો ચઢતામાંતો બધું લશ્કર જમાઇ ગયું એટલે લાલમીઆ પધાર્યા તે વખતે બધા લશ્કરે મેઘ ગર્જનાની પેઠે જયજયકારના ઘોષથી તેમને વધાવી લીધા લાલમીઆએ લાંબે સ્વરે નિચે પ્રમાણે કહેવા માંડયું

મ્હારા બહાદુર શૂરા સામંતો ને સરદારો, લડાઇમાં કેમ વર્તવું ? ને લડાઇ કેવી રીતે કરવી ? ને કેવું પરાક્રમ બતાવવું એ તમને કહેવાની જરૂર નથી સબબ તમે તથા તમારા બાપદાદાઓ એજ કામ વંશપરંપરાથી કરતા આવ્યા છે દુશ્મનોને હરાવી જે ઇચ્છાથી તે આપણા મુલક ઉપર ચઢી આવે છે તેમાં તેમને નિષ્ફળ કરવાં એજ આપણું આજનું કર્ત્તવ્યછે મારા બહાદુર વીરાઓ ! તમે જેવી ઊલટથી મને શહાય કરવાને અને આપણા દેશનું ને ધર્મનું રક્ષણ કરવાને આવ્યાછો તેવીજ ઊલટથી તમે છેવટ સુધી ચાલશો એવી મને પક્કી ખાત્રી છે તમે જાણો છો કે જબરા પાદશાહોના એકત્ર લશ્કર આપણા મુલક ઉપર ચઢી આવવાને નીકળી ચુકયાં છે તે થોડા રોજમાં આપણા મુલકમાં દાખલ થશે માટે તે પહેલાં આપણે જઇ પહોચી તેમનાજ મુલકમાં આપણે જંગ મચાવવો આ લડાઇમાં આપણી ફતેહ છે અને નકકીજ છે કેમકે ધર્મ આપણાને અધર્મ તેમના તરફ છે આ લડાઇનું મૂળ પણ આપણે નથી પણ તેઓ છે માટે પરમેશ્વર તેમને તેમના

અધર્મનુ વ્યાજબી ફળ આપશે આપણો ધર્મ શો છે તે તમે સારી પેઠે જાણોછો. દુસ્મનને પીઠ બતાવવી એમ આજ સુધી એક વખત પણ આપણા કુળમા બન્યુ નથી ને બનવાનુ પણ નથી કદાચ ફસાઈ મરણ પામીએ તો હરકત નહી પણ પીઠ બતાવી નાશવુ એ બાયલા અથવા વેષ ધારી લડવૈયાનુ કામ છે જીતીને આવવુ કે રણસંગ્રામમા પડી સ્વર્ગમા જવુ એમાજ મારા મહાબહાદુર પટાવતો આપણી પવિત્ર વિજયી વટ સમાએલી છે તે વટ તમે છેવટ સુધી એકજ ટેકથી સાચવજો લડાઇમા જીત મેળવીને આ લોકોમા અમર કીર્તી કરવી કે લડાઇમા કામ આવી પરલોકમાં સીધાવુ એ બેજ સૌથી શ્રેષ્ટ રસ્તા છે તમે પણ એજ રસ્તાના ભોગી અને ઉત્સાહી છો માટે હવે ચાલો કે આપણે આપણા દુસ્મનને ભેટી તેમનો પરાજય કરી પરમ સુખ સંપાદન કરીએ

આશા છે કે તમો નોકરે પોતાના ધણી સાથે વર્ત્તવાનો ધર્મ વીસરી નહી જતા તેઓને તમારી ઝેરી સમશેરથી કલમની પેઠે કતલ કરી શુઠનો અજબ સ્વાદ ચખાડો નિમકહલાલ નોકરો તમે પ્રથમની લડાઇઓમા જેવો વફાદારી પ્રદર્શીત કરી હતી તેમા આ પ્રસંગે વધારો કરી તમારા નામને જેબ આપો.

લાલમીઆના મૂખારવીંદમાથી આવા વાકયો નીકળ્યા કે યોદ્ધાઓની આંખો જુસ્સાથી વધારે લોહીવર્ણી થઇ ગઇ, રૂવાટી ઉભી થઇ, શુરાતનથી શરીરો કંપવા લાગ્યાં, સઘળુ સૈન્યં જય બોલાવી પોતપોતાના લશ્કર ગોઠવી મીશલ પ્રમાણે ચાલવા લાગ્યા. વીશ હજાર કરતા વધારે સ્વારો ને પાળા એ જમાવમા મળેલા હતા. લશ્કરની હારનીહાર ચાલવાથી જાણે મોટો મહાસાગર રેલ્યો હોય એવું જણાતુ હતુ. લશ્કરની ઉલટ અને જુસ્સો એટલા જણાતા હતાં કે

જાણે દુશ્મનોને ઉપાડીને દરીઆમા નાખવા જતા હોય? ! પાયદળના ને ઘોડાની ગીરદીથી સૂર્ય છવાઇ ગયો, ને ચોમાસામા જેમ સૂર્ય વાદળામા પેસી જવાથી અધાર કોટ બને છે તેમ અધાર કોટ બની ગયો ઘોડાઓના થડકારાથી ધરતી કંપની પેઠે ધરતી ડોલવા લાગી રસ્તે ચાલતા જુસ્સાના વાકયો ગવાતા હતા કેટલાક બહાદુરોતો પોત પોતાના પરાક્રમનીજ વાતો કરતા ચાલતા હતા. દુશ્મનો પરની રીસથી થયેલી રાતી આખો સિદુરીઆ રગની બની ગઇ હતી તેમના અત કરણમા ઘરબારને કુટુબ પરીવારપર માયાનો અંકુશ રહ્યો નહોતો રસ્તે ચાલતા સઘળા શુરવીરોના હાથ શસ્ત્રને ઘોડા બરાબર સ્વાધીન રાખવામા ને તેમની ચચળ ને ક્રોધી સિદુરીઆ આખ દુસ્મનની તપાસ રાખવામા ને ચારે તરફ જોવામા રોકાઇ હતી તેમના જીણા કાન "દુસ્મન આવેછે" એવો બોલ સાભળવાને અધીરા થઇ ગયા હતા અને એવો બોલ કાને પડે કે તુર્તજ ઘોડાને એડી મારી કુદાવી પડવાને તેમના પગ તત્પર રહ્યા હતા. આવા લડાઇનાજ રસીઆ, મારવુ કે મરવુ એવા અદલ નિશ્ચયના નિયમ પ્રમાણે વર્ત્તનારા બહાદુર સુભટોની આગળ જાણે મેરૂ ઊખેડી નાખવો હોય તોપણ કાઇ ગણતીમા નથી એવુ જણાતુ લશ્કર ગમે તેટલુ ઊલટમદ ને જુસ્સાવાળુ હતુ તોપણ પોતાના સરદારનો એક પણ શબ્દ કાને પડે કે તરતજ સ્થિરને શાન્ત પડી જઇ ને સાભળી તે હુકમ પ્રમાણે વર્ત્તવાને કીર્ત્તીત પણ ભૂલ અથવા દુર્લક્ષ નહી કરતા તૈયાર થઇ જવામા બહુજ સાવધ થતુ સ્વાગી ભકતી બજાવવામા લાલમીઆંના નોકરો ખરેખરા મુબારક બાદી આપવા લાયક અને અગ્રેસર હતા તેમની શૂરાતન કાયા એજ વિજયની

આના કગાવનારૂ મજબૂત કારણ થઇ પડી પ્રદર્શીત થતુ હતું

માર્ગમા બનેના સૈન્ય ભેગા થયા સરૈદારો એક બીજા ઉપર જેમ કુતરા બિલાડા ઉપર વાઘ તુટી પડે તેમ તુટી પડયા યોદ્ધાઓની આખો જુસ્માથી લ્વારે લોહીવર્ણી થઇ ગઇ, રૂવાટી ઉભી થઇ, ઉગ્ર યુદ્ધ ચાલ્યુ, સંગ્રામના વાજા વાગ્યા, નોબત થઇ, ડકા વાગ્યો, બને બાજુ તરફથી જજેરા છુટવા લાગ્યા અને તોપોમાથી નીકળતા ધુમાડામાથી આકાશ છવાયુ ચુરાતેરો પરસ્પર મોટા ઉત્સાહથી લઢવા લાગ્યા. અશાડી વીજળીની પેઠે શમશેર ચળકાટ મારવા લાગી સુર્યના કીરણોની પેઠે બરછી ચકચકવા લાગી તોપોના બહારથી પર્વતના શીખરો ગાજી ઉઠયા બદુકોના ભડાકા થવા લાગ્યા હથીઆરે હથીઆર અથડાય તેના ખડખડાટ, શરણાઇ અને રણસીગના શૂર ચડાવનાર નાદ, ઘોડાઓનો ઘુમો, અને શસ્ત્રોના ચળકાટ, હાથી ઘોડા અને રથના દોડધામ અને ભાલાના વરસાદથી રણક્ષેત્ર ભયાનક ભાસવા લાગ્યુ ચોતરફથી કતલ ચાલી રહી, ભાલા બરછી અને તરવાર એક બીજાના અગમા ભચોભચ ભોકયાથી ફુવારાની ધારની પેઠે લોહીની ધારાઓ છુટવા લાગી કેટલાએકના ધડ જુદા કર્યા

લાલમીઆએ લાબા સ્વરથી કહ્યુ કે "મે જે જે મુલક તાબે કીધાછે તે મારી શમશેરથી કીધો છે તમે બીજા રાજાઓ ઉપર ચઢાઇઓ કરી જેમ ફાવી જાઓ છો તેમ મારી આગળ ફાવવાના નથી. હજુ તમે મારા અજીત હાથનો પૂર્ણ અનુભવ લીધો નથી. તમે સાપના દરમા હાથ ઘાલવા અને શુતેલા શિહને જગાડવા આવ્યો છો પણ તેમા કાંઇ તમારૂ વળવાનુ નથી એમ તમે નક્કી સમજજો તમારા મગજમા દેશના દિગવિજ્યનો પવન ભરાઇ રહેલો

છે તે મારા શીવાય બીજો કોઈ કાઢે તેમ નથી સબબ વિનાશકાળે વીપરીત બુદ્ધી' આ મુજબ ચોક્કસ તમોને થયુ છે મનુષ્યનુ બુરૂ થવાનું હોય તે અરસામા તેને સારા વિચાર શુજતા નથી અને કોઇ હીત શિક્ષા કહેતો તે શિખામણુ આપનારૂ મનુષ્ય ઉલટા વિચારતુ અને દુસ્મન સારીખું લાગે છે

ઠાકોરે દારૂગોળા વિગેરે લડાઇનો સરજામ જથાબધ એકઠો કર્યો હતો સ્વારો બખ્તર પહેરી હથીઆરબંધ તૈયાર થઇ વઢતા હતા

તરવારના તેજસ્વી ચમકારા મટીને લાલ રૂધીર મય બની ગયા, બ નેના લસ્કમાથી હજારો માણસ મરણ પામ્યા, હજારો ઘાયલ થયા છતા પણ એક ડગલુ દૂર નહી ડગતા જેમ જેમ વખત જાય છે તેમતેમ વધારે જુસ્સાદાર બની આગળ ધસ્યા એટલામા કપટ યુક્તી દિલ્હીના બાદશાહે ચલાવી લાલમીઆએ બખ્તર પહેર્યા છતા દિલ્હીના બાદશાહે થોડા છુપા જાસુસો રાખીને લાલમીઆ પાસે નોકર રહેવા મોકલેલા તે નોકરો મારવાના ઇરાદાએ લાલમીઆની પાસેને પાસેજ રહેતા લાગ વાવી એકદમ લાલમીઆનુ મસ્તક પેલા છુપા જાસુસોએ કાપી ફેકયુ તે દિલ્લીના બાદશાહના હાથમા આવ્યુ, લઢાઇ વીખરાઇ ગઇ, બાદશાહ લાલમીઆનુ મસ્તક દિલ્હી લઇ ગયો ત્યા તે માથુ કચેરીમા પાદશાહના સામુ મુકયુ પણ તુર્તજ માથાએ ફરી આડુ જોયુ ને બાદશાહના સામુ ન જોયુ તેથી પાદશાહને જુસ્સો ચઢવાથી કહયું કે એ માથુ ફકીરને આપો કે હાટે હાટે દિલ્હીમા ભીખ મગાવે આવા અઘટીત બાદશાહના હુકમથી તે મસ્તક ફકીરને આપ્યુ તે સોનાના થાળમા મૂકી દિલ્હીમા પંદર હાટે ભિખ માગી એટલામા માડવેથી કપડવંજના બારોટને તે માથુ લેવા મોકલેલો તે બારોટે જઇને કહયુ કે વાહ'

રગછે લાલ તને કે માથુ એકલુ આવ્યું તેણે પણ દિલ્હીમા રૂપી-આનો હક બેશાડયો પણ જો જીવતો આવ્યો હોતતો શી બાકી રાખત? એમ ઘણા ઘણા સમયસુચક વખાણ કર્યા. પછી તેમાથુ દિલ્હીમા. દફનાવ્યુ, ને દિલ્હીમા પદર હાટે રૂપીઆ લેવા ઠરાવેલા તે મુજબ આજપણ તે રૂપીઆ લઇને જે જગોએ દફનાવ્યુ છે ત્યા ધુપ ધુમાડા થાયછે અને તે જગોને લાલના હજીરા હાલપણ કહેવાય છે તે મસ્તક લેવા ગયેલા બારોટને લોટીઉગામ બક્ષીસ આપેલુ તે તેના વંશજો હાલપણ ભોગવે છે લાલમીઆ શાહસીક બુદ્ધિનો ચતુર, ચપળ, સમયસુચક અને બહુજ વિચાર શીળ હતો તે પોતે સામો રહી લઢતા ઝટ હાર પામે તેવો નહોતો. પણ કપટ વડે તો ગમે તેવો હોય તે પણ મરણ શરણ થોડીવારમા થાય એમા કાઇ આશ્ચર્યતા નથી લાલમીઆ સંવત ૧૬૨૭ મા મરણ પામ્યો પચીશ વરસ રાજ્ય કર્યું. લાલમીઆની લઢાઇ વિશે દંતકથા એવી ચાલે છે કે આ લઢાઇ માંડવાની નજીક આવેલી કાશીની નાળ છે ત્યા થઇ હતી; તે વખતે લોહીની નદીઓ ચાલી હતી અને ૭૦૦ તો શોનેરી સુડા ઉતર્યા હતા એટલા શરદાર મરીગયા ને બીજા મનુષ્યનો તો સુમારજ નહી

લાલમીઆની પછી તેનો દીકરો શુલમાન સવત. ૧૬૨૭ મા માંડવાની ગાદીએ બેઠો તેણે પણ દુશ્મનોના હુમલા ઘણી બહાદુરી બતાવી પાછા કાઢયા હતા શુલેમાનને દેશાટણ, જાત્રા, પરદેશ ફરવુ એ ત્રણ બાબતોનો બહુ શોખ હતો ત્રીશ વર્ષ અચળ આબાદીથી રાજ્ય કર્યા બાદ તેને પરદેશ દેશાટણ ફરવાની જીજ્ઞાશા થઈ. સઘળો અધીકાર, રાજસત્તા, પોતાના બાળ વયના પુત્ર અમીજીને સોપી તે સાથે કેટલુક માણસ, વાહન ઈત્યાદી રક્ષણાર્થે

લઈ ઉત્તર તરફ ચાલ્યા એક પછી એક એમ ઘણા ગામનુ રટણ કરતા ઘણે દુર એટલે દિલ્હી સુધી જઈ પહોચ્યા આવી રીતે પગ રસ્તે ચાર વર્ષમા ઘણા ગામ, શહેર, નગર, જોવા લાયક સ્થળો ઈત્યાદી સૃષ્ટી કર્તાની આબેહુબ અજાયબ કરે એવી કૃતી નિહાળી પોતાને વતન માંડવે આવ્યો અને રાજ્યની લગામ પાછી પોતાની સત્તામા લીધી દેશાટણ કરી આવ્યા બાદ ફક્ત આઠ વર્ષ જીવ્યો મસ્તકના રોગે સવત ૧૬૬૪ ની સાલમા આ-ફાની દુનીઆ તજી અન્ય ભૂમીમા વાસ કર્યો એકદર ૩૮ વરસ રાજ્ય કર્યું

શુલમાનના મૃત્યુ થયા બાદ તેનો છોકરો અમીજી સવત ૧૬૬૪ મા ગાદીએ બેઠો બાપના વખતના નિયમ પ્રમાણે રાજ્ય સલાહ શાન્તીથી ચલાવતા લશ્કરમા સુધારો કરવાની તેની ઈચ્છા થઈ બાપના વખતમા લશ્કરમા શળો પેઠેલો હતો લોકો સુસ્ત અને આળસુ બની ગયા હતા આવા અલાયક લશ્કરના માણસોને અળગા કરી તેમની જગોએ ખરેખરા શરાતનવાળા લઢાઈમા ફસાયેલા, ને બીજે ઠેકાણેથી લઢાઇમા મેળવેલી જીતોથી પ્રખ્યાત બનેલા, ધર્મ જુસ્સાથી ભરેલા રાખ્યા તેઓ આજના વખતના જેવા કરતા ઘણાજ બહાદુર હતા ઉત્કર્ષનો ઝુડો તેમનું ચાલે તો ઘણા ગામમા રોપવાને અને એવા કામમા પોતાનો જીવ આપવાને તૈયાર હતા

અમીજી તેમના પરાક્રમથી ને તે પ્રકૃતીથી પૂરેપૂરો વાકેફ-ગાર હતો અમીજીના લશ્કરની કીર્તી ગુજરાતના ઘણાખરા ભાગમાં ગવાઇ ગઇ હતી. ભાટચારણોએ નવીન કાવ્યો રચી અમીજીને ગુજ-રાતના કીર્તી શીખરઉપર ચઢાવી દીધો તે કીર્તીને ખરો યોગ્યજ હતો

તાગાના ગામોના અધીકારીઓ અમીજીને પોતાનો શિરોમણી ગણવામા માન સમજવા લાગ્યા જે માન આજ સુધી થોડાનેજ મળ્યું છે અમીજીએ લડવૈયુ લશ્કર રાખી ઘણાખરા રાજ્યો ઉપર લુટફાટ કરી કીર્તી સુર્યને મસ્તક ઉપર પ્રકાશ યુક્ત કરી મુકયો

અમીજી સાધારણ ઉચાઈનો પણ અતી જોરાવર હતો રંગે સફેદ હતો આખો અણીઆરી પણચપળ હતી બાહુ લાબા હતા બુદ્ધી તિવ્રતિક્ષણ અને સમયસુચક હતી તેણે ૫૧ વરસ રાજ્ય કર્યું

સવત ૧૭૧૫ મા અમીજીનુ મરણ થયા બાદ તેની પછી લાલનાનો સવત ૧૭૧૫ મા ગાદીએ બેઠો નાનાલાલને તરવાનો બહુ શોખ હતો તેથી તે ચોમાસાની ૠતુમા હમેશ તરવાની ગમત મેળવતો અને હૃદયમા ખુબ ખુશ થતો વખતે ચાર ગોળીઓ મગાવી તે ઉપર એક ખાટલો એવી રીતે કે દરેક ખાટલાનો પાયો ગોળાના મોઢામા રાખવો આવીરીતે ખાટલો મુકી તે ખાટલા ઉપર વાઘનુ ચામડુ પાથરી તે ઉપર બેસતો અને એ ખાટલો ગોળીને લીધે નદીઓ, તળાવમા રમુજની ખાતર એક એક બબે કલાક ફેરવતો. પાસે સોનાનો હોકો સાથેજ રાખવામા ભુષણ સમજતા એ વખત આવી રીતે ખાટલાગા બેસી તરવાનો ક્રીયા કરીને પોતાને અવાશ આવતા માગમા કોઇએ પુછ્યુ કે નામદાર ઠાકોર સાહેબ કયા પધાર્યા હતા ત્યારે ઠાકોરે પ્રતિઉત્તર વાળ્યો કે વાઘ ઉપર સ્વારી કરી જળ જાત્રા કરી આવ્યા. પેલો માણસ ગુચવણમા પડયો. કે આનો ભાવાર્થ શો ? આ બીના ખરી હોય નહી છેવટે ઠાકોરે પોતે ખુલાસો કરી હસાહસ કરાવી હતી આ ઠાકોર કેટલાક ભાગે હસમૂખા અને આનદી સ્વભાવના હતા. તથા રૈયત સાથે મળતાવડા રહેતા.

ગુનેગાર અને અપરાધીને શિક્ષા કરવામા નિષ્પક્ષપાત પણાથી ચાલતા ઇશ્વર અકૃપાએ એટલે સવત ૧૭૮૮ મા દેહતજી દોધો ૭૩ વર્ષ રાજ્ય કર્યુ

નાનાલાલની પછી મોઆસુલતાન સવત ૧૭૮૮ મા ગાદીએ બેઠા ૧૦ વરસ રાજ કરી સવત ૧૭૯૮ મા આ ભૂમીમાથી વિદાય થયા તેમની પછી મીઆં મહમદ સવત ૧૭૯૮ મા ગાદીએ બેઠા ૧૪ વર્ષ એશઆરામથી રાજ્ય ભોગવી સવત ૧૮૧૨ મા મરણ શરણ થયા. તેમનો પછો મીઆ અમીજી સવત ૧૮૧૨ મા ગાદીએ બેઠા તે ૪૫ વરસ સલાહ સપથી રાજ કરી સવત ૧૮૫૭ ના માર્ગશીર માશમા વદતૃઆના બપોર વખતે આ ભર્તભૂમીમાથી વિદાય થયા ' કાળનુ ચક્રગર્વને માથે ફરતુ આવેછે "

માડવાની ગાદીનો સબધ મળવાથી તે બાબતનુ યથેચ્છ વિવેચન કરવું અમે દુરસ્ત જાણીને આ ઠેકાણે દાખલ કરી હવે માડવાની હકીકત અધુરી મુકીએ છીએ પુનાદરાની ગાદીએ પીરામીઆં થયા ત્યાથી જે હકીકત અધુરી મુકેલી છે તે હવે શરૂ કરીએ છીએ

પીરામીઆના વખતમા ઝાઝા જાણવા લાયક બનાવ બન્યા નથી તે કંઈ પોતાના કામમા ગફલત કરે એવો નહી હતો રૈયતની ઇતરાજી ન થાય એવી સભ્ય વર્ત્તણુક રાખતો દ્વેશ, લડાઇ, કંકાસ, વિરૂદ્ધતા ઇત્યાદી એવી અઘટીત બાબતોનો તેને નાનપણથીંજ અણગમો હતો કચેરીમા આવવાને તેણે નિયમ કર્યા હતા કદાચ ભોગજોગે કંઇ અચાનક આફ્ત આવી નડવાથી કરેલા નિયમ પ્રમાણે વર્ત્તી ન શકાય તો તેને બહુજ ખેદ થતો. પોતાને એક પુત્ર હતો તે ઘણોજ નાની ઉમરમા બુદ્ધીશાળી અને રૂપનીધાન હતો.

તેથી તેને ભણાવવા એક હોશીઆર અન્ય ગામના બ્રાહ્મણને રાખ્યો હતો બ્રાહ્મણની મદદથી લખતા વાચતા અને અજાણી બાબતોના તર્ક કરતા શીખ્યો તેના સર્વોત્તમ ગુણોથી તેને પુત્ર રત્ન તુલ્ય ગણતો પીરામીઆને કસરત વધારે પસંદ હતી તે એમ સમજતો કે કસરતથી શરીર કસાઇ મજબૂત થાય છે આમ સમજી પોતે ઘણીવાર ઝાડ ઉપર ચઢતો ઘણીવાર નજીક આવેલી વાત્રક નદીમા તરવા પડતો એક લાકડાનુ ખુરશીના આકારનુ પણ ચારે-બાજુ મજબૂત પાટીઆ જડાવી અંદરથી ખાલી રાખી તેમા ઉભો રહી ઘોડાની ઉપર મજબૂત બધાવી ખૂબ દોડાવતો આવી રીતે જુદા જુદા ખેલો તેને બહુજ મજાહ ઉપજાવતા સ્વભાવ, મીલન-સાર, ખુશમીજાજ પ્રકૃતી છતા કોઇ કોઇ વાર ફરી ગુસ્સાવાળો બની જતી તેમ છતા તેણે પોતાના નોકરોને આગળથી કહી મુકેલુ કે મારો સ્વભાવ વખતે તામસી બની જાય છે ત્યારે મહા વીપ-રીત સર્વ ભાસ છે માટે તેમ થાય તે વખતે હુ કાઇ ગુસ્સામા અણઘટતુ કહુ તો તમે તે સહન કરી સામો પ્રત્તીઉત્તર ઉલટો વાળવો નહી કારણ મારો ગુસ્સો એવો જોસવાળો છે કે તમે સામો પ્રત્તીઉત્તર ખરેખરો કહેશો તો પણ મને તે રૂચીકર નહીજ લાગે અને ઉલટુ ગુસ્સામા વધારો થશે તો પછી અર્થનો અનર્થ થઇ પાછળથી બેહદ પસ્તાવો થશે માટે વખત ઓળખી એક અક્ષર પણ ઉલટો જવાબ ગુસ્સા વખતે આપવા સમર્થ થવુ નહી

પીરામીઆનુ મૃત્યુ થયુ ત્યારે ગામમા હાહાકાર થયો આખી તમામ રૈયત ઉદાશ થઇ આઠ દીવસ સુધી ગામમા હડ-તાળ પડી, તેમની પછી તેમના દીકરા હાજમીઆ તખ્તનશીન થયા હાજમીઆ પણ બહુજ ખબરદાર હોવાથી બાપના નિયમ

પ્રમાણે અમલ કરવા લાગ્યો

ચોમાસાની રૂતુમા એક દીવસ હાજમીઆ બારીએ બેઠા બેઠા દાતણ કરતા હતા, દાતમા કઇ દરદ થવાથી હથેળીમા ઔષધ લઇ દાતણ વડે તે ઔષધ દાતે ઘસતા હતા પાસે બે ચાર મનુષ્યો બેઠા હતા. ગામ ગપાટાની વાતો ચાલે છે તેવામા ખેડુત લોકો હળ બળદ લઈ ખેતરમા જવા માટે નીકળ્યા હતા શુભ શુકનની વાટ જોવાને ખેડુત લોકો એક આમલીના વૃક્ષ નિચે ઉભા છે ઠાકોરની દૃષ્ટી તે ખેડુતોના ઉપર પડી તો ઉપરનો દેખાવ નિહાળી પાસેના માણસોને પુછયુ કે પેલા ખેડુતો હળ લઇ ટોળે વળી કયારના કેમ ઉભા થઇ રહયા છે ? પાસેના માણસોએ જવાબ વાળ્યો બાપજી! એનો સારા શુકનની વાટ જુવે છે શુકન થશે એટલે ઝટ ચાલશે હાજમીઆને આશ્ચર્યતા ઉપજી સબબ તે વહેમી નહી હતો શુકન જુઠા છે એમ તેને પક્કી ખાત્રી થઇ હતી તે કઇ પણ કામ બાબત બહાર નીકળે ત્યારે શુકનની સાચ જુઠની પરીક્ષા કરવા માટે હાથે કરી ખોટા શુકન થાય એટલે બહાર નીકળે ને ઘણી બધાઓને કેહે કે આજ મને ખોટા શુકન થયા છે તેથી શુ નુકશાન અથવા વિપ્રીત થાયછે તે જોઉ તો ખરો આમ વાતો કરતો ચાલે ધારેલુ કામ ફળીભુત થાય કશી પણ વિટંબણા વેઠવી ન પડે ત્યારથી તેણે હૃદય સાથે નક્કી કરેલુ કે શુકન એ એક જાતનો દેખાદેખી ચાલતો આવેલો ગાડરીઆ પ્રવાહની પેઠેનો વ્હેમ છે. તે લોકોને કહે કે વ્હેમ બાબત "ગદ્દેકાપુછ પકડયા એ પકડયા" પેલા ખેડુતના વ્હેમથી હાજમીઆ બહુજ હાસ્ય કરવા લાગ્યા હાજમીઆ વ્હેમથી મુક્ત હોવાનુ બીજુ એક કારણ એ હતુ કે તેણે નાનપણથી હોશીઆર શિક્ષક પાસે કેળવણી લીધી

હતી તેથી શોખત તેવી અમર "આ કહેવત બાળપણના અનુભ-વથીજ ચાલી જતી હતી"

હાજમોઆનુ મરણુ થયા બાદ તેને બે દીકરા હતા એક અભેરાજ અને બીજો વજેસગ તેમાનો અભેરાજને પુનાદરાની ગાદી સોપી અને વજેસગને ખડોઈની ગાદી સોપી તથા હાંજમીઆએ માડવા પાસેથી બાવીસ ગામ લીધા હતા તે પણુ બને જણે વહેચી લીધા ત્યારે અભેરાજ પુનાદરાની ગાદીએથી ઉઠી આતરસુબાની ગાદીએ બીરાજમાન થયા અભેરાજના વખતમા ચોમાસાની રૂતુમા વીજળી પડવાથી નવ માણસો સગાથે મૃત્યુ થયા હતા. ત્યારથી તેણે એવો હુકમ બહાર પાડયો હતો કે રાતની વખતે ચોમાસાની રૂતુમા કોઇએ બહાર નીકળવુ નહી પણ ખાસ જરૂરી કામ હોય ત્યારે પરવાનગી મેળવી બહાર નીકળવુ અ-ભેરાજનુ અચાનક મરણુ થવા બાદ તેમની પછી તેમના તેવીશ વરસના દીકરા રાજશીગજી થયા રાજયશીગજીમા રાજ્ય ચલાવવા જેવી હીમ્મત અને હોશીઆરી તથા બરોબર ડહાપણુ નહી હોવાથી વધારે મુદત ગાદી ઉપર નહી ટકતા મરણુ થવાથી તેમની પછી તેમના દીકરા જેતશીગજી થયા જેતશીંગજીની ઉમ્મર આ વખતે બાવીશ વર્ષની ખીલતી જુવાની હતી. કળીકાળની સમયનો ગુણુ ભ ગુરૂ મદ, મીજાજ અને અઘટીત વૃતીનો તેને બીલકુ પાશ નહી હોવાથી સદા સુખે વિસર્જન વખત કશી આનદમા ઉઘ લેતો કશી વાતની ચિતા, લઘુતા કે જ ખના રાખતો નહી પરમેશ્વરથી ડરીને અને તેના સદધારા ઉલ્લઘન ન થાય એવી ચોખ્ખી રીતે ચાલતો ઇશ્વર ઉપર જે મનુષ્ય શ્રધા રાખે છે તેના ઉપર ઇશ્વર પણુ શ્રધા રાખે છે તથા તે મનુષ્યને પોતાના સગા પુત્ર બરાબર

ગણી તેના ઉપર અમીદ્રષ્ટી દાખવી સુખી કરેછે આમ તે સમજતો. હમેશ દીવસમા એક વખત ફરવા નીકળતો રૈયતના મન જરા પણ ન દુભાય એની ફીકર રાખતો અને રૈયતના મન નથી દુભાણા તેની ખાત્રી કરવા સારૂ વેશ બદલી અજાણ્યો થઇ ગુપ્ત પણે ગામમા ફરવા નીકળી મનુષ્યોને પૂછી ખાત્રી કરી, શંકાથી દૂર થતો. રૈયતની ફર્યાદ બહુજ ચીવટ અને ખરા જીગરની લાગણીથી પોતે જાતે સાંભળતો અને યોગ્ય ઇનસાફ આપવામાં ખામુખા પણ ખામી લાગે નહી, રૈયતનુ મન જરા પણ ન દુભાય અને રૈયતને ખચીત ખાત્રી થાય કે આ બાબતનો ગેરવ્યાજબી જવાબ નથી આવ્યો. પણ વ્યાજબી અદલ નિયમ પ્રમાણે ઇનસાફ થયોછે. આમ તેમનુ મન મનવવા દરવખતે યુક્તી પ્રયુક્તી અને તરેહવાર તદબીર ઉપયોગમા લઈ સુખી થતો.

જેતશીગજીનું મરણ થવા બાદ તેમની પછી તેમના દીકરા રૂપામીઆ થયા રૂપામીઆના વખતમાં તવારીખમાં નોંધવા લાયક બનાવ બનેલો નહી હોવાથી કઇ લખવામા આવ્યુ નથી.

રૂપામીઆને સંધીવાનું દર્દ લાગુ થયેલુ હતું. બહુ બહુ ઇલાજ કરવા છતા દરદમાથી તે મુક્ત થયેલા નહીં ત્યારે અગાધ મુંઝાવણુ થઇ પડી. રાત દિવસ દરદની પીડામાં ગભરામણ થાય, અપાર ઔષધ, ઉપચાર અને કાબેલ વૈદોની સલાહ મુજબ વર્તવા છતા દર્દમાં જરા પણ કમી પણ પ્રદર્શીત થાય નહીં તેથી રૂપામીઆ બહુજ કંટાળી હેરાન હેરાન થઈ ગયા. અને દુઃખી થવા લાગ્યા. છેવટે થાકી ગામમાં સાદ પડવ્યો કે સંધીવાનું દરદ મટાડનારને એક હજાર રૂપીઆ ઇનામ મળશે. આ વખતે અલારસુખા ગામમા કોઇ બે બાવા ફરતા ફરતા ભિક્ષા

અર્થે આવી ચઢેલા તેમની જાણમાં દર્દ સબંધી ઈનામની હકીકત આવી કે તુર્ત રૂપાભીઆ પાસે જઈ બોલ્યા, અરે નામદાર ! અમે આપને અલ્પ વખતમાં દર્દથી મુક્ત કરવા આવ્યા છીએ માટે આપની શી આજ્ઞા છે? રૂપાભીઆએ પ્રત્તીઉત્ત વાળ્યો બેશાંક હું ઘણો ખુશીછું, ઘણાં તંગીઓએ મને સાજો કરવામાં અથાગ પ્રયત્ન કરવા છતા નિષ્ફળ ગયા પણ હવે તમારી મહેનત અને નસીબ અજમાવી જુઓ. પેલા બાવાએ કઈ કાષ્ટાદીક ઔષધની ભૂકી લાવી એક મલમલની તળાઈ ફક્ત બે પડ વાળી કરાવી તેમા રૂને બદલે પેલી ઔષધી ખૂબ ઠાસી ઠાસીને ભરી, તળાઈના આકારમા કરી ત્રણ રાત તે તળાઈ ઉપર સુઈ રહેવા ફરમાશ કરી. હમેંશ બીજે દીવસે નવી ઔષધી તળાઈમાં દાખલ કરતા હતા. આ પ્રમાણે કરવાથી રૂપાભીઆં તદન સાજો અને દર્દથી મુક્ત (નિરોગી) થયો. હૃદયની જીજ્ઞાસા પેલા બાવાઓની પૂરી પડવાથી તે પણ ખુશી થયા જોરાવરસીગે સભા ભરી, પેલા બાવાઓની બહુજ પ્રસશા કરી એક હજાર રૂપીઆ ઈનામ આપવાને ઠરાવેલા તેને બદલે ખૂબ હોંશીઆરી પેલા બાવાઓની નિખી બે હજાર રૂપીઆ રોકડા તેજ વખતે ઇનામ આપી તે દિવશે પોતાના દરબારમાં રસોઈ કરાવી જમાડી વિદાય કીધા. હવે રૂપાભીઆનું મરણ થયુ તે વખત તેમને એક જોરાપરસીગ કરીને દીકરો જો તે ગાદીએ બેઠેલ જોરાવરશીગના વખતમાં પણ કઈ ઇતિહાશીક બનાવ બનેલો નથી તેમના મરણ પછી તેમના દીકરા નારશીંગજી થયા તે વખતે તેમની ઉમર બાળ વય એટલે ફકત દસ વરસની કાચી વય હતી. ત્યા સુધી આતરસુબાની ગાદી ઉપર હતા. સંવત ૧૬૭૭ થી

તે સંવત ૧૮૫૯ સુધીમાં આઠ પેઢી લગણ આતરસુબાની ગાદી ઉપર રાજ્ય કર્યું પછી શ્રી વડોદરાના ગાયકવાડ મહારાજ ફતેશીગ સરકારે આવી નરસીંગજીની પાસેથી આતરસુબા લઈ લીધુ ત્યાથી જોરાવર મીઆં નરસીગજીને લઇને નાઠા તે કપડવણજમા આવી રાજ્ય કર્યું ને ત્યા પણ જોરાવરશીગમાં અને ફતેશીગને દારૂણ યુદ્ધ થયુ. જોરાવરશીગની પાસે આ વખતે વધારે સૈન્ય નહી હોવાથી જોરાવરશીંગનું મરણ થયું. પણ પછીથી ગાયકવાડ મહારાજ ફતેશીગે જોરાવરશીગના દીકરા નારશીગજીને તાલુકો આપ્યો તેમા પુનાદરામા ગાદી કરી સવત ૧૮૬૦ મા આબાદ બની પછી નારશીગજીના દીકરા અમરશીગનો સવત ૧૮૯૭ ની સાલમા જન્મ થયો. દીનપરદીન જેમ શુદનો ચદ્રમા વધારે તેજસ્વી થાય છે તેમ અમીરશીગજી દશ વર્ષની ઉમરે સવત ૧૯૦૭ મા ગામ છીપીએલ પરણ્યા તેમા દરીઆબાની કુખે સવત ૧૯૧૯ ના શ્રાવણમાસમા મીઆ શ્રી અભેશીગજીનો જન્મ થયો. ત્યાર બાદ મીઆ શ્રી અમીરશીંગજી સવત ૧૯૨૧ ની સાલમા આ ક્ષણભગુર જગમાં દુનીઆ તજી સ્વર્ગભૂમીમાં વાસ કર્યો અમરશીગજી સ્વભાવે શાન્ત, વિચારશીળ, અને દુખી મનુષ્યના આશ્રયદાતા તથા નિરપરાધી ઉપર દયાની દ્રષ્ટી દાખવી રૈયતનું રૂડી રીતે રક્ષણ કર્યું હતુ.

હાલની વર્તન સ્થિતિ અને મહત્વની બીજી બાબત.

પુનાદરા તાલુકો વાત્રક નદીના કિનારા ઉપર મહીકાઠા એજનસીમાં ચોથા વર્ગના ચીફ છે હાલ ગાદી ઉપર મીઆ શ્રી અભેશીગજી છે. ઉમર વરસ ૨૮ ની છે તેઉ સાહેબને ફોજદારી અખ્તીઆર રૂ ૫૦૦ દંડ અને એક વરસની સજા કરવાનો છે.

દીવાની દાવા રૂ૨૫૦૦) સુધી સાભળવાનો અખીઆર છે રેવન્યુ ઉપજ હાલ રૂપીઆ ૧૬૦૦૦ ની છે અને પ્રથમ તેમના મરહુમ સ્વર્ગવાસી પિતા અમરશીગજીના વખતમા રૂ ૧૨૦૦૦ ની હતી પુનાદરા તાબામા દસ ગામછે તેમા એક 'તેનનાલ' આ ગામમાં કે રેવન્યુ ઉપજમા તાલુકે મ્હાડાસાના મીઆશ્રીનો ભાગછે. અને ફોજદારા અખ્તીઆરમઃ બંનેની તકરારને લીધે જમીમા હાલ ઝહેર નિર્માળી થાણદારની દેખરેખ નિચે છે તેમા પાટીદારની વસ્તી છે સદર ગામની હદમા કેદારેશ્વર મહાદેવનુ પુરાતન વખતનુ દેવાલય છે તેનુ મ્હાત્મય, આખા ગુર્જર પ્રાતથી ...ુ વધારે જગ્ત પ્રસીદ્ધ છે મુંબાઈ સુધીના લોકો શીવરાત્રીના દિવસે અમુલ્ય યાત્રા કરવા ખરા ભાવથી આવે છે. એ દેવળમા જળાધારીમા મહાદેવનુ લીગ છે ને ત્યા એક જાજરીનો વહેરો આવેછે. તે વહેરો લીગને નવરાવીને વહ્યો જાયછે તે કોઈ વખત બંધ નહી રહેતા હમેશા તે મુજબ વહેછે સદરહુ દેવળ આગળનો ઓટલો નાબુદ થયો હતો, તેને સુમારે ...ર વરસ ઉપર અમદાવાદના શેઠ છગનલાલ કરીને કડીવા કણબી છે તેમણે દુરસ્ત કરાવી એક ધર્મશાળા ચુના ગચ્છીના ધાબાવાળી બંધાવી છે હાલ તેની શોભા સારી વધી બહુ પ્રતિષ્ટાને પામી છે.

બીજુ પુનાદરા તાબાનું કેવડીઉ ગામછે આ ગામમા પણ પાટીદારની વસ્તીછે તથા સદર ગામની સીમમાં કમોદ ડાંગેર પુષ્કળ પાકે છે તે બહુજ પકાય છે ઘણા દૂર દેશાવર જાયછે.

ત્રીજુ અમીરપુર ગામ છે. ચોથુ જેરપુરા છે, પાંચમુ કેસરપુરા છે, છઠુ નિકોલ છે, સાતમુ ગ્લવાડા ગામ છે; આ ગામ પારજાદાઓને ધર્મદાનમાં બક્ષીમ આપેલુ છે.

આઠમુ મુડાદરા; નવમુ નારમીઆની મુવાડી, દશમુ પુનાદરા તથા પેટાની મુવાડી છે. આદશ ગામમા ગાદીનુ હેડકવાટર પુનાદરામા છે. પુનાદરાથી એક મૈલ ઉપર ગાયકવાડી હદમા ઉટકડેશ્વર મહાદેવનુ મોટુ દેવાલય છે. જેને ઘણા લોકો અપભ્રંસમા ઉડડીઆ મહાદેવના નામથી ઓળખે છે, ત્યાં શીવરાત્રીએ અને જન્માઅષ્ટમીએ એના મોટા મેળા ભરાય છે. પુનાદરામાં નાગરવાણીઆ તથા ભાવસારની વસ્તી છે. પુનાદરામા અસલાઇ જુનો બાદશાહી વખતનો કીલ્લો છે, તે કેટલાક ઠેકાણે મરામત વગર નાબુદ થયેલો છે તેમા ભાયાત લોકો રહે છે.

પુનાદરામા એક સરકારી ગુજરાતી નિશાળ છે. તથા દરબારને રહેવાના તથા બીજા સારા મોટા મોટા મકાનો છે. એક મકાન સાત માળનું છે તે ઉપર ચઢીને દ્રષ્ટી કરીએ તો પાચ ગાઉ સુધીનુ જોવામાં આવે છે આગલા વખતમા લૂટફાટ, તોફાની લોકોના હૂમલા અને ઓચિતી ચઢાઇઓ થતી તે વખતે દુશ્મનનું લસ્કર પણ દુરથી આવતુ દ્રષ્ટીએ પડે એટલા માટે આ સૌથી ઉંચુ મકાન બાધ્યું હોય એમ [illegible]ના થાય છે.

પુનાદરા ગામથી અડધો મૈલ ઉપર એક બગિચો દરબારે આન[illegible]થી મહાદેવ જવાના રસ્તા ઉપર વગડામાં કરાલેલો છે. તે બગીચાની અંદર એક બંગલો સુમારે રૂ ૨૫૦૦ અઢી હજાર રૂપીઆ ખરચ કરી બધાવેલો છે. તથા જતા આવતા વટેમાર્ગુને વિશ્રામ લેવાને ઘણોજ સુલ્લભ અને અનુકુળ થઇપડયો છે.

હાલના મીઆશ્રી અભેસીંગજીને બે ઠકરાણીઓ છે. તેમાં એક નવાં ઠકરાણી સાઠંબા વાળાને એક પાટવી કુવર છે તેમની ઉમર સાત વરસની છે. તેમનું નામ શીવસીંગજી પાડેલુ છે.

હાલના ઠાકોર મીઆશ્રી અભેસીંગજી બહુજ બુદ્ધિશાળી અને દીર્ઘદ્રષ્ટીના, શાન્ત સ્વભાવના છે. મીલનસાર પ્રકૃતી, શુદ્ધ સમજ અને દીર્ઘ ડહાપણુ એ તેમના સર્વોત્તમ સદ્ગુણોની ધન્યવાદ આપનારી જાહોજલાલી છે. રૈયતને પુત્ર સમ પાળી તેનુ રક્ષણ કરવામા રૂડી રીત આનંદ કરે છે. જગનિયંતા પ્રભુ–આવાં નીષ્પક્ષપાતી ન્યાયી રાજકર્ત્તાઓનુ રાજ્ય દીનપ્રતીદીન વિશેષ ઉજવળ સ્થિતિમા દે દીપાયમાન થઈ અગ્રેસર ગણાઓ અને રાજ્યકર્ત્તા હાલના માનવંતા મીઆશ્રી અભેસીંગજી પુનાદરાની ગાદીએ અવીચળ તપી દીર્ઘાયુષવાળા થાઓ એવી મારા ખરા જીગરની ન્યાળુ દેવ પ્રત્યે યાચના છે. તથાસ્તુ.

અનુક્રમે તખ્તનસીન થએલાઓનાં નામ.

૧ વેગડાજી	૧૦ હરીસીંગ.	૧૯ રાજસીંગ.
૨ કેસરીસીંગ.	૧૧ વજાજી	૨૦ જેતસીંગ
૩ રણમોલજી.	૧૨ સોમરાજ.	૨૧ રૂપામીઆ.
૪ સતલસલજી.	૧૩ ધીરરાજ.	૨૨ જોરાવરસીંગ.
૫ રાણાજી.	૧૪ હરીસીંગ.	૨૩ નારસીંગ
૬ ભોજાજી	૧૫ જમાલમીઆં.	૨૪ અમરસીંગ.
૭ વિસાલજી	૧૬ પીરામીઆ.	૨૫ અભેસીંગજી.
૮ અરજણજી.	૧૭ હાજમીઆ.	
૯ લાખાજી.	૧૮ અભેરાજ.	

સમાપ્ત.

મુહ,

" નામે અત્યોપયોગી,
? અને તેમજ હોય
કદા પણુ નહીં પ્રકટ થ-
ા ગ્રંથ "મુંબાઇ, નવી ગાડી
ાલ મજમુદાર" એ પ્રમાણે
ામત માત્ર નામનીજ એ-
વાસ્તે તો તે સખમે ખાસ
આનંદ પમાડે તેવો કર્યો
ાને ગરીબ આ ગ્રંથ વાંચ-
મારો મોઘો પસ્તાવો થશે.
મો ન " ?
ના